॥ श्रीहरिः ॥

આદર્શ નારી સુશીલા

એક બોધપ્રદ વાર્તા

आदर्श नारी सुशीला (गुजराती)

જયદયાલ ગોયન્દકા

गीताप्रेस गोरखपुर
GITA PRESS, GORAKHPUR

॥ શ્રીહરિઃ ॥

આદર્શ નારી સુશીલા

એક બોધપ્રદ વાર્તા

आदर्श नारी सुशीला (गुजराती)

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવદેવ॥

લેખક : જયદયાલ ગોયન્દકા

ॐ
श्रीपरमात्मने नमः।

આદર્શ નારી સુશીલા

(૧)

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં મનુષ્યને આત્મકલ્યાણ માટે દૈવી સંપત્તિ ધારણ કરવાનું કહેવામાં આવ્યું છે.* તેથી કલ્યાણવાંછુ મનુષ્યે દૈવી સંપત્તિમાં જણાવેલા સદ્‌ગુણો-સદાચારોને અમૃતતુલ્ય સમજીને તેમનું સેવન કરવું જોઈએ. ગીતાના સોળમા અધ્યાયની શરૂઆતમાં જ ત્રણ શ્લોકોમાં ભગવાને સદ્‌ગુણો-સદાચારોના સારરૂપે દૈવી સંપત્તિનાં છવ્વીસ લક્ષણો આ રીતે જણાવ્યાં છે –

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम्॥
अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम्।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम्॥
तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता।
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत॥

(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા - ૧૬/૧-૩)

“(૧) ભયનો સર્વથા અભાવ, (૨) અંતઃકરણની સંપૂર્ણ નિર્મળતા, (૩) તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે ધ્યાનયોગમાં નિરંતર દૃઢ સ્થિતિ, (૪) સાત્ત્વિક દાન, (૫) ઈન્દ્રિયદમન, (૬) ભગવાન, દેવતા અને વડીલોની પૂજા તથા અગ્નિહોત્ર આદિ ઉત્તમ કર્મોનું આચરણ, (૭) શાસ્ત્રોનું અધ્યયન-

---

* જુઓ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા - ૧૬/૫.

વાચન તથા ભગવાનના નામનું અને તેમના ગુણોનું કીર્તન, (૮) સ્વધર્મના પાલન માટે દુઃખ સહન કરવું, (૯) ઇન્દ્રિયો સહિત અંતઃકરણની ઋજુતા, (૧૦) મન, વાણી અને શરીરથી કોઈને પણ કોઈ પણ પ્રકારનું કષ્ટ ન આપવું, (૧૧) પ્રિય અને સત્ય વાણી, (૧૨) પોતાનો અપકાર કરનાર પ્રત્યે પણ ક્રોધ ન થવો, (૧૩) કર્મોમાં સ્વાર્થનો અને કર્તાપણાના અભિમાનનો અભાવ, (૧૪) અંતઃકરણની ઉપરતિ અર્થાત્ ચિત્તની ચંચળતાનો અભાવ, (૧૫) કોઈની પણ નિંદા વગેરે ન કરવાં, (૧૬) તમામ જીવો-પ્રાણીઓ પ્રત્યે નિર્હેતુક દયા, (૧૭) ઇન્દ્રિયોનો વિષયભોગો સાથે સંયોગ થવા છતાં તેમના પ્રત્યે આસક્તિ ન થવી, (૧૮) મૃદુતા, (૧૯) લોકવિરુદ્ધ અને શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરવામાં લજ્જાભાવ, (૨૦) નિરર્થક ક્રિયાઓનો અભાવ, (૨૧) તેજ, (૨૨) ક્ષમા, (૨૩) ધૈર્ય, (૨૪) બાહર - ભીતરની શુદ્ધિ, (૨૫) કોઈના પણ પ્રત્યે દ્વેષભાવ ન હોવો અને (૨૬) પોતાનામાં પૂજ્યપણાનો અભાવ - આ બધાં હે અર્જુન! દૈવી સંપત્તિને લઈને ઉત્પન્ન થયેલા માણસનાં લક્ષણો છે.''

પ્રત્યેક સ્ત્રી-પુરુષ આ દૈવી સંપત્તિનાં છવ્વીસ લક્ષણોને પોતાનામાં યથાયોગ્ય ધારણ કરવા માટેની કંઈક પદ્ધતિ જાણી શકે તે હેતુથી અહીં એક વાર્તા પ્રસ્તુત કરવામાં આવે છે –

પ્રયાગમાં એક બ્રાહ્મણ રહેતા હતા. તેમનું નામ હતું દેવદત્ત. તેઓ મોટા વિદ્વાન, સરળ સ્વભાવના, સદાચારી અને ઈશ્વરભક્ત હતા. રાજ્યના અધિકારીઓ પણ તેમનો ઘણો આદર કરતા હતા. તેમની પત્નીનું નામ ગૌતમી હતું. તે ઘણી જ સરળ, સાદીસાધી, ભોળા સ્વભાવની અને અભણ હતી. તેને એકથી સો સુધી ગણતાં પણ આવડતું ન હતું. તેને ત્રણ પુત્રો અને એક પુત્રી હતાં. મોટા દીકરાનું નામ સોમદત્ત, વચેટનું નામ રામદત્ત અને સૌથી નાના દીકરાનું નામ મોહનલાલ હતું. ત્રણેય સુશિક્ષિત અને સદાચારી હતા. દીકરીનું નામ હતું રોહિણી. આ બધાંનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં. રોહિણીના પતિનું અવસાન નાની ઉંમરમાં જ થયું

હતું અને તેને કોઈ સંતાન થયું ન હતું, તેથી તે પિયરમાં જ રહેતી હતી. દીકરાઓની પત્નીઓનાં નામ અનુક્રમે રામદેવી, ભગવાનદેવી અને સુશીલા હતાં. આ પૈકીની પહેલી બે સ્ત્રીઓ તો અભણ અને મૂર્ખ હતી, પરંતુ સુશીલા ઘણી વિદ્વાન હતી. તે પોતાના નામ પ્રમાણે જ ઘણી શીલવતી હતી. તે અત્યંત શાંત સ્વભાવની, સદ્ગુણ-સદાચારસંપન્ન, ઈશ્વરભક્ત અને પતિવ્રતા હતી. તે સુશિક્ષિત હતી અને તમામ કાર્યોમાં હોંશિયાર હતી. તે કપડાં વેતરવા-સીવવામાં, ભરતગૂંથણ કરવામાં, કપડાં પર વેલ-બુટ્ટા બનાવવામાં, ગંજી-મોજાં ગૂંથવામાં, સુંદર લખાણ કરવામાં તેમ જ ચિત્રકામ, શિલ્પ આદિ કળાવિદ્યાઓમાં ઘણી પ્રવીણ હતી. તેનામાં ત્યાગ, સેવાભાવ, ધૈર્ય, કાર્યકુશળતા વગેરે ગુણો વિશેષરૂપે હતા. જ્યારથી સુશીલા ઘરમાં આવી ત્યારથી ઘરમાં જાણે સુવ્યવસ્થા જ આવી ગઈ. તેણે બધાંને પોતાની નિઃસ્વાર્થ સેવાથી મુગ્ધ બનાવીને પોતાને અનુકૂળ કરી લીધાં. તે બધાંની સાથે ઘણા પ્રેમથી યથાયોગ્ય વ્યવહાર કરતી હતી. વડીલોનો આદર કરતી, પોતાનાથી નાનાં ઉપર દયા અને સ્નેહ દાખવતી તથા સરખી ઉંમરની સ્ત્રીઓ સાથે મિત્રતા રાખતી હતી. તેના કામકાજથી અને સુશીલ સ્વભાવથી ઘરનાં લોકો તો સંતુષ્ટ રહેતાં જ હતાં, મહોલ્લાનાં અન્ય સ્ત્રીપુરુષો પણ તેના ગુણોથી પ્રભાવિત થઈને હંમેશાં તેની પ્રશંસા કરતાં હતાં. સુશીલા જોકે નાની ઉંમરની અને નવોઢા હતી, પણ તેના ગુણોની એટલી ખ્યાતિ થઈ ગઈ કે ઘણે દૂરથી સ્ત્રીઓ તેની સલાહ અને શિખામણ લેવા આવતી હતી.

પંડિત દેવદત્તજી હંમેશાં નિયમિતપણે સંધ્યા, ગાયત્રી, પૂજા-પાઠ અને જપ-ધ્યાન કરતા હતા. તેઓ ઉપદેશ, વ્યાખ્યાન અને ગોરપદાથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના બંને મોટા દીકરા શહેરમાં જ વેપારધંધો કરતા હતા અને તેમાંથી જે કંઈ કમાણી થતી હતી તે પિતાજીને સોંપી દેતા હતા. નાનો દીકરો મોહનલાલ કૉલેજમાં ભણતો હતો. ઘરમાં જે કંઈ પણ ભોજનખર્ચ થતો તે માટે પંડિતજી પોતાની

પત્નીને દર મહિને કેટલાક રૂપિયા આપતા રહેતા હતા, જેનાથી તે પોતાના રસોઈયા અથવા નોકર મારફતે બજારમાંથી જરૂરી સાધન-સામગ્રી મંગાવી લેતી હતી. ગૌતમીને અત્યંત ભોળી જાણીને રસોઈયો અને નોકર, બંનેય જણ બેઈમાની અને ચોરી કરતા હતા. તેઓ જે ચીજનો જે ભાવ બતાવતા, ગૌતમી તેમને તેટલી જ રકમ આપી દેતી હતી. વળી, રૂપિયા-પૈસા પણ તે બંને જ ગણતા હતા, કારણ કે ગૌતમીને તો ગણવાનું આવડતું જ ન હતું. તેઓ માગીને રૂપિયા લઈ જતા અને થોડીક ચીજો લાવીને કહી દેતા કે બધા રૂપિયા પૂરા થઈ ગયા. કોઈ વાર મોટો-મોટો હિસાબ બતાવતા, તો કોઈ વાર બતાવતા પણ નહિ. બતાવતા તોપણ ગૌતમીને તો કશી સમજણ પડતી નહિ.

બુદ્ધિશાળી સુશીલાને તેમની ચોરી-ચાલાકી સમજતાં વાર લાગી નહિ. તેણે વિચાર્યું - સાસુજી સ્વભાવે સરળ અને ભોળાં હોવાના કારણે આ લોકો અમારા ઘરનું ધન લૂંટી રહ્યા છે, આનો કોઈ ઉપાય કરવો જોઈએ. આખરે એક દિવસ તેણે રસોઈયાને કહ્યું – 'મહારાજ! તમે બજારમાંથી ઘઉં, ચોખા, દાળ, શાક, ઘી તેલ, મસાલા વગેરે જે સામાન લાવો છો તે બધાનો પૂરો હિસાબ રાખવો જોઈએ.' રસોઈયાએ ગુસ્સે થઈને કહ્યું – 'વાહ! તું મોટી હિસાબ લેનારી આવી! અમારે ત્યાં તો બધું કામ એમ જ વિશ્વાસ ઉપર ચાલે છે. તારી સાસુ આટલી મોટી થઈ છતાં તે બિચારીએ કદી પણ કોઈ હિસાબ માગ્યો નથી અને તું કાલની આવેલી ઘરનાં અમારા બધાં પાસેથી હિસાબ માગવા માંડી? લાગે છે કે હવે તું જ ઘરની માલિકણ બની ગઈ છે!' પુત્રવધૂ પ્રત્યેના રસોઈયાના તિરસ્કારસૂચક ગુસ્સાભર્યા શબ્દો બાજુના ઓરડામાં બેઠેલા પંડિત દેવદત્તજીના કાને પડ્યા. તેમણે સ્વાભાવિક જ ઘણી ધીરજથી રસોઈયાને ઉદ્દેશીને કહ્યું – 'ભાઈ! વહુ તો યોગ્ય જ કહે છે, તેની સીધી વાત ઉપર આમ ગુસ્સે થવું અને તેને ધમકાવવી એ કંઈ વાજબી નથી. તમે જે હિસાબ નથી આપતા તે થોડી જ સારી વાત છે? પૈસાનો હિસાબ તો પાઈ-પાઈનો થવો જોઈએ. જે કંઈ હોય તે, હવેથી

તમે આ નાની વહુને બધો હિસાબ આપતા રહેજો. તે ભણેલી છે, બધો હિસાબ લખતી રહેશે.' પછી તેમણે વહુને કહ્યું – 'બેટી! તારી સાસુ તો ભોળી છે. હવે તું જ ઘરનો હિસાબ રાખજે.' સુશીલા તો આ ઈચ્છતી જ હતી. તે લેવડ-દેવડનો પૂરેપૂરો હિસાબ રાખવા લાગી. રસોઈયો અને નોકર એ બંનેય પાસે બજારમાંથી જે કંઈ ચીજવસ્તુ મંગાવવામાં આવતી તેનો બધો હિસાબ તેમને પૂછીને લખી લેતી હતી.

તેની સેવા તથા તેના સ્વભાવ અને ગુણોના કારણે આખા ઘરનાં બધાં સ્ત્રી-પુરુષો ઘણાં મુગ્ધ હતાં, પરંતુ સ્વાર્થી રસોઈયો અને નોકર તેને પોતાના રસ્તાનું રોડું સમજીને તેની ઈર્ષ્યા કરવા લાગ્યા. તેઓ દરેક વાતે તેની ભૂલ ખોળ્યા કરતા અને ઘરની અન્ય સ્ત્રીઓનાં મન દૂષિત કરતા રહેતા હતા. ક્યારેક ક્યારેક તેઓ ટોણો પણ મારતા કે 'આ સુશીલા તો તમારા સહુની માલિકણ છે. જુઓ ને, તે આવી છે તમારી સામે અને હવે તમારા ઉપર હુકમ ચલાવવા માંડી છે!' પરંતુ તેઓ કહેતી – 'એ બિચારી તો અમારા સહુના હુકમ પ્રમાણે ચાલે છે અને તે છે પણ ઘણી સુશીલ. તમે નકામું આવું બધું શા માટે કહ્યા કરો છો?' પણ નોકરો તો તેની પાછળ પડી ગયા હતા. જ્યારે તક મળતી ત્યારે તેના પર ખોટો દોષ મૂકીને ઘરનાંઓને ભંભેરતા રહેતા હતા. આવું થતું રહેવા છતાં પણ સુશીલાના ચિત્તમાં કદી પણ વિક્ષેપ કે અશાંતિ[૧૪] જોવામાં આવતી ન હતી. તે તો હરહંમેશ પ્રસન્નચિત્ત રહ્યા કરતી. પરંતુ બીજી સ્ત્રીઓ મૂર્ખ હતી, તેથી વારંવાર પેલાઓની વાતો સાંભળવાથી તેની અસર તે સ્ત્રીઓ પર થવા લાગી. રસોઈયા અને નોકરની વાતો સાચી માનીને તે સ્ત્રીઓ ઘરના પુરુષોને પણ સુશીલાની વિરુદ્ધમાં અનેક પ્રકારની વાતો કહેવા લાગી; પરંતુ સુશીલાના ગુણોથી પ્રભાવિત હોવાના કારણે પુરુષો પર તેમની વાતોની કંઈ પણ અસર થઈ નહિ.

થોડાક સમય પછી સુશીલાને એક દીકરી જન્મી. તેનું નામ રાખવામાં આવ્યું ઇન્દ્રસેની. તેના બે વર્ષ પછી એક દીકરો જન્મ્યો, જેનું નામ

પંડિતજીએ ઈન્દ્રસેન રાખ્યું. દીકરાનો જન્મ થયા પછી થોડાક દિવસો બાદ સોમદત્ત વગેરેએ અનેક સગાંસંબંધીઓ અને મિત્રોને બોલાવીને, બજારુ મીઠાઈ, પાન, બીડી, સિગારેટ વગેરેથી તેમની આગતાસ્વાગતા કરી અને તે બધા ચોપાટ-બાજીપત્તાં રમવા લાગ્યા, ઠઠ્ઠા-મશ્કરી કરવા લાગ્યા અને ધાંધલધમાલ કરવા લાગ્યા. ઘરમાં તોફાન મચી ગયું. આ બધું જોઈને સુશીલાએ વિનયપૂર્વક વિનંતી કરી – 'આ બધું શા માટે થઈ રહ્યું છે?' પરિવારજનોએ કહ્યું – 'આ તો આપણો રિવાજ છે. દીકરાની રક્ષા માટે ઉત્સવ મનાવાઈ રહ્યો છે.' વહુએ હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું – 'આનાથી તો ખરાબ સંસ્કારો પડે છે, પૈસા પણ નકામા વેડફાય છે અને ધાંધલધમાલ થવાથી મને ઊંઘ પણ ઓછી આવે છે. આથી, મને તો આમાં હાનિ સિવાય કોઈ જ લાભ દેખાતો નથી. મારા પિયરમાં તો ઘણો સારો રિવાજ છે. ત્યાં તો બાળકનો નામકરણ-સંસ્કાર થયા પછી વેદ અને ગીતાનો પાઠ, કથા-કીર્તન વગેરે થાય છે. ધર્માત્મા, ભક્ત, દાની, પરોપકારી અને શૂરવીર પુરુષોની કથાઓ સંભળાવવામાં આવે છે, જેમાંથી ઘણો જ સારો બોધ મળે છે. તેથી મારી તો એ જ વિનંતી છે કે આ પ્રમાદનાં કાર્યો બંધ કરાવવામાં આવે.' સુશીલાનાં આ વિનયયુક્ત વાક્યોની તેમના પર સારી અસર થઈ. તેમણે તરત જ તે બધું બંધ કરાવ્યું અને સુશીલાના કહ્યા મુજબ બધી વ્યવસ્થા કરી દીધી.

ઘરમાં બીજો કોઈ છોકરો નહિ હોવાના કારણે ગૌતમી તે છોકરાને વિશેષ પ્રેમ કરતી હતી. તેણે છોકરાના હાથ અને પગમાં કાળા દોરા બાંધી દીધા અને ગળામાં એક માદળિયું પહેરાવ્યું, જેમાં વાઘનખ, લાખ અને લોઢાની વીંટી, તાવીજ, જરખનો નખ વગેરે પરોવેલાં હતાં. થોડા સમય પછી તે દોરા છોકરાના હાથ-પગનાં કાંડાં અને સ્નાયુઓમાં થોડાક દબાઈને એવા બેસી ગયા કે જેથી ત્યાં નિશાન પડ્યાં તથા તે માદળિયાને લીધે છાતી અને પીઠ ઉપર ઘણી જગ્યાએ નિશાન પડ્યાં. આ જોઈને

સુશીલાએ સાસુને કહ્યું – 'માતાજી! બાળકના હાથે-પગે આ દોરા શા માટે બાંધ્યા છે? આનાથી તો તેના હાથ-પગ નબળા રહી જશે અને તેમાં નિશાન તો પડી જ ગયાં છે. આ માદળિયું રાત્રે તેના શરીરમાં ઘૂસી જાય છે તેથી પણ કેટલીક જગ્યાએ નિશાન પડી ગયાં છે. આ બધું બાંધવાથી શો લાભ?'

ગૌતમી બોલી – 'ડાકણ, પૂતના વગેરેની નજરના દોષમાંથી બચાવવા માટે, છોકરાની રક્ષાના હેતુસર આ બાંધવામાં આવે છે.' આ સાંભળીને સુશીલાએ પૂછ્યું – 'ઇન્દ્રસેનીને તો તમે આ બધું ક્યારેય બાંધ્યું નથી, એમ કેમ?'

ગૌતમીએ જવાબ આપ્યો – 'છોકરીઓની રક્ષા તો ભગવાન કરે જ છે, તેથી તેમને આ બધું બાંધવાની જરૂર નથી.' સુશીલાએ હાથ જોડીને ઘણા જ વિનય સાથે કહ્યું – 'માતાજી! ભગવાન તો બધાંયની રક્ષા કરે છે, તો તેઓ જ આની પણ રક્ષા કરશે. એ માટે આપણે આટલી બધી ચિંતા શા માટે કરવી જોઈએ? આ બધું કરવાથી તો ઊલટાનું ભગવાનમાં અવિશ્વાસ જ પ્રગટ થાય છે તથા તેથી કોઈ લાભ પણ જણાતો નથી.'

સુશીલાની આ યુક્તિસંગત વાતો ગૌતમીને પસંદ પડી ગઈ અને તેણે બાળકના ગળામાંથી માદળિયું અને હાથે-પગે બાંધેલા દોરા તે જ દિવસે કાઢી નાખ્યા.

(૨)

થોડાક દિવસો પછી હરદ્વારમાં કુંભનો મેળો ભરાયો. બધા દીકરાઓએ મળીને પંડિતજી આગળ પ્રસ્તાવ મૂક્યો કે તમો રજા આપો તો આપણે બધાં કુંભનો મેળો માણવા હરદ્વાર જઈએ. આ સાંભળીને પંડિતજીએ કહ્યું – 'ઘણી સારી વાત છે. હું પણ આવીશ.' પછી તો વાર શી? તરત જ તૈયારી થઈ ગઈ અને ઘરની વ્યવસ્થા કરી લઈને તેઓ સમસ્ત પરિવાર સાથે ચાલી નીકળ્યા. ચાલતી વખતે સુશીલાએ બધાંને વિનંતી

કરી – 'મેળામાં ધુતારા, ચોર, જાદુ-ટોણા કરનારા અને લુટારાઓ પણ આવતા હોય છે. તે બધાંથી બહુ સાવચેત રહેવું. કોઈ પણ અજાણ્યાં સ્ત્રી-પુરુષ સાથે કદી પણ સંબંધ બાંધવો નહિ. કોઈએ આપેલી વસ્તુ સ્વીકારવી નહિ અને કોઈ અપરિચિત વ્યક્તિમાં વિશ્વાસ પણ કરવો નહિ જોઈએ. યાત્રા દરમિયાન ખાવા-પીવામાં સંયમ રાખવો અને હંમેશાં ધૈર્ય અને વિવેકથી કામ લેવું એ યોગ્ય છે. કોઈની પણ આગળ કમજોર અને ડરપોક નહિ બનવું જોઈએ, બલકે ધૈર્યપૂર્વક ઉત્સાહ અને હિંમતથી કામ પાર પાડવું.'

રસ્તામાં બધાંએ અયોધ્યામાં ઉતારો કરીને સ્નાન-દર્શન કરવાનું વિચાર્યું અને તેમણે ત્યાં જઈને એક ધર્મશાળામાં મુકામ કર્યો. બધાંએ સરયૂમાં સ્નાન કરીને મંદિરોમાં જઈને ભગવાનનાં દર્શન કર્યાં અને ધર્મશાળામાં પાછાં આવી ગયાં. રસોઈયો ધર્મશાળાની બહાર ચોતરા પર બેઠો હતો. ત્યાં એક ઠગ આવ્યો અને તેણે કહ્યું – 'હું તમને એક મસાલો આપું છું. તેને તમે દાળમાં નાખશો તો દાળ ઘણી સારી બનશે અને તે ખાવાથી બધાં ઘરનાં માણસો તમને વશ થઈ જશે.' રસોઈયો મૂર્ખ તો હતો જ. તેણે તેની પાસેથી તે મસાલો લઈ લીધો અને થોડોક દાળમાં નાખ્યો તથા બાકી વધેલો મસાલો પડીકામાં બાંધીને અલગ મૂકી રાખ્યો. રસોઈ તૈયાર થઈ જતાં સોમદત્ત અને રામદત્ત - બંને ભાઈઓ, ઈન્દ્રસેન, ઈન્દ્રસેની અને બહેન રોહિણીએ ભોજન કર્યું. તે બધાંય ભોજન કરતાં જ બેહોશ થઈ ગયાં. આ જોઈને સુશીલાએ નક્કી કર્યું કે જરૂર ભોજનમાં જ કંઈક ગરબડ છે, નહિતર આ બધાં બેહોશ કેમ થાય?

તે તત્કાળ રસોડામાં ગઈ અને તેણે ત્યાં જોયું કે કાગળના એક પડીકામાં ધતૂરાનાં બીજ મૂકી રાખેલાં છે. તેણે રસોઈયાને પૂછ્યું – 'આજે એવું શું ખવડાવી દીધું છે કે જેથી ખાનારાં બધાં બેહોશ થઈ ગયાં?' રસોઈયાએ કહ્યું – 'કંઈ નહીં.' સુશીલા બોલી – 'કંઈ નથી ખવડાવ્યું તો આ બધાં બેહોશ કેમ થઈ ગયાં? તમે સાચી વાત કહી દો, નહિતર

તમારી ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.' આમ કહીને સુશીલાએ તેને ધતૂરાનાં બીજ દેખાડ્યાં અને પૂછ્યું – 'આ બીજ શા માટે લાવવામાં આવ્યાં છે?' રસોઈયો બોલ્યો – 'એક સજ્જન આવ્યા હતા. તેઓ મને વીસ રૂપિયા તો દાનસ્વરૂપે ભેટ આપી ગયા છે અને આ મસાલો પણ એવું કહીને આપી ગયા છે કે તેને દાળમાં નાખવાથી દાળ સારી બનશે અને તે ખાઈને બધાં ખુશ થઈ જશે. મેં મસાલો જોયો નહિ, થોડો દાળમાં નાખ્યો અને વધેલો પડીકામાં મૂકી રાખ્યો.'

સુશીલાએ બધી વાત તરત જ પોતાના પતિને કહી અને સત્વરે ઉપચાર કરવા જણાવ્યું. મોહનલાલે પંડિતજીને કહ્યું. આ બધું સાંભળીને પંડિતજીને ઘણું દુઃખ અને આશ્ચર્ય થયું. તેમણે ઔષધ-ઉપચાર માટે તે જ ક્ષણે સારા વૈદ્યોને બોલાવી લાવવા કહ્યું અને પછી રસોઈયાને બોલાવીને તેને ધમકાવ્યો – 'તેં અમને બધાંને મારી નાખવા વિચાર્યું હતું. તને પોલીસમાં સોંપી દેવો જોઈએ.' આથી, રસોઈયાએ પોતાને માફ કરવા તેમને વિનંતી કરી, ત્યારે પંડિતજીએ માફ કરતાં કહ્યું – 'ભવિષ્યમાં કોઈની સાથે આવું કામ કદી પણ કરતો નહીં.' એટલામાં વૈદ્ય આવી પહોંચ્યા અને તત્કાળ અનુકૂળ ઔષધ-ઉપચાર થવાથી બધાં બચી ગયાં. બધાંએ સુશીલાનાં વખાણ કર્યાં.

બીજા દિવસે તેઓ ત્યાંથી ચાલી નીકળ્યાં. ગાડી જ્વાલાપુર પહોંચી. બાળકો તરસ્યાં થયાં હતાં, તેથી સુશીલા તેમને સાથે લઈને પાણી પિવડાવવા માટે નીચે ઊતરી. એટલામાં ગાડી ઊપડી અને તે સ્ટેશન પર રહી ગઈ. ઘરનાં માણસોએ સાંકળ ખેંચી, પણ તે બગડેલી હોવાથી ગાડી રોકાઈ નહિ. પંડિત દેવદત્તજી અને અન્ય બધાં હરદ્વાર પહોંચ્યાં. શહેરમાં બધી જગ્યાઓ રોકી લેવાયેલી હતી, તેથી તેમણે ગંગાજીના કિનારે તંબૂ બનાવીને તેમાં મુકામ કર્યો. પરંતુ બાળકો સાથે સુશીલાના છૂટા પડી જવાથી તેઓ ઊંડી ચિંતામાં પડી ગયેલાં હતાં અને તેથી તેની શોધ કરવા લાગ્યાં.

આ બાજુ, સુશીલા ગભરાયા વિના બાળકોને તેડીને પગપાળા ચાલતી

ચાલતી જ્વાલાપુરથી હરદ્વાર આવી ગઈ અને એક મંદિરમાં જઈને ઉતારો કર્યો. તેણે ત્યાંના વિદ્વાન પુજારીજીને પોતાનો બધો હાલ સંસ્કૃતમાં કહી સંભળાવ્યો. તેની વિદ્વત્તાનો પુજારીજી ઉપર મોટો પ્રભાવ પડ્યો. તેમણે તેને ત્યાં ઉતારો કરવા માટે જગ્યા આપી. હવે તેણે ઘણાબધા કાગળ મંગાવીને તેમાં પોતે જ્વાલાપુરથી અહીં આવી જઈને મંદિરમાં ઉતારો કર્યો છે એ વાત લખી અને મંદિરનું સરનામું વગેરે વિગતો લખી. પુજારીજીની મદદથી પરોપકારી સ્વયંસેવકો મારફતે તે જાહેરાતના કાગળો શહેરનાં મુખ્ય-મુખ્ય સ્થળોએ ચોંટાડવામાં આવ્યા અને પોલીસને પણ જાણ કરવામાં આવી. તેથી આ સમાચાર તરત જ બધી જગ્યાએ ફેલાઈ ગયા. ઘરનાં માણસો તો શોધખોળ કરી જ રહ્યાં હતાં. તેમને ખબર પડતાં જ તેઓ મંદિરમાં જઈને બાળકો સહિત સુશીલાને લઈ આવ્યાં. તેની આ અદ્‌ભુત કાર્યકુશળતા અને ધૈર્ય જોઈને ઘરનાં માણસો ઘણાં ખુશ થયાં.

ત્યાં મેળાની ભીડને કારણે તેમને ચોખ્ખું દૂધ મળતું ન હતું અને તેમણે થોડાક દિવસો ત્યાં રહેવાનું હતું. તેથી બસો રૂપિયામાં એક ગાય ખરીદી લીધી અને તેઓ ત્યાં સુખેથી રહેવા લાગ્યાં. તેઓ રાત્રે વારાફરતાં જાગીને ચોકી કરતાં હતાં. એક દિવસની વાત છે - સુશીલા પહેરો ભરતી હતી, રાતના ચાર વાગ્યા હતા, તે સમયે ચોર આવ્યો અને તે ગાયને ખીલેથી છોડીને લઈ ચાલ્યો. સુશીલા ઘણી દૂરંદેશી હતી, તેણે પહેલાંથી જ તંબૂમાં એક ઘંટ મંગાવીને રાખી મૂક્યો હતો અને ઘરનાં માણસોને કહી રાખ્યું હતું કે 'કોઈ ચોર વગેરે આવશે અથવા કોઈ આફત આવશે તો હું જોરથી ઘંટ વગાડીશ.' મોટેથી બૂમો પાડવામાં સંકોચ થાય છે અને જાણ નહિ કરવાથી આફત ટળતી નથી, ચોર ધન લઈ જાય છે, તેથી સુશીલાએ અગમચેતી દાખવીને આવી વ્યવસ્થા કરી હતી. તેણે ચોરને જોઈ લીધો અને તે ઘણા જોરથી ઘંટ વગાડવા લાગી. ઘંટનો અવાજ સાંભળતાં જ બધાં જાગી ગયાં અને બધાંએ એકસાથે હલ્લો કર્યો – 'શું છે? શું છે?' એટલામાં ચોર નાસી ગયો. વહુની આ બુદ્ધિમત્તાથી બધાં ઘણાં ખુશ થયાં.

જ્યારે કુંભનું પર્વ આવ્યું ત્યારે તે બધાં હરકી-પૈડીમાં સ્નાન કરવા નીકળ્યાં. અત્યંત ભીડ હોવાના કારણે કેટલાંક યાત્રી રસ્તામાં દબાઈ-કચડાઈને મરી ગયાં, પરંતુ બુદ્ધિશાળી સુશીલા ઘરનાં માણસોને ઘણી ચતુરાઈથી ભીડમાંથી બહાર કાઢતી, સડકના કિનારે કિનારે ચલાવીને ઘાટ ઉપર લઈ ગઈ. ગંગાસ્નાન કરીને બધાં મુકામ પર પાછાં આવી ગયાં. પછી એક-બે દિવસ બાદ તે બધાં પ્રયાગમાં પાછાં આવી ગયાં અને પોતાના ઘરમાં પહેલાંની જેમ રહેવા લાગ્યાં.

(3)

એક વાર ઉનાળાની પૂર્ણિમાનો દિવસ હતો. સુશીલા પોતાના ઘરની અગાશીમાં ટહેલતી હતી. પાડોશના ઘરની માલિકણ પણ પોતાના ઘરની અગાશીમાં આવેલી હતી. તે સંપન્ન પરિવારની વિધવા બ્રાહ્મણી હતી. તેને બે દીકરા હતા, એક સોળ વર્ષનો અને બીજો ત્રણ વર્ષનો. બંને ઘરોની અગાશીઓ સમતળ હોવાથી સામે જઈને સુશીલાએ તેને નમસ્કાર કર્યા. બ્રાહ્મણી ઘણી કંકાસણી હતી. તે બોલી – 'કેમ 'લી! તું ચાર ચોપડી ભણી છે, તેથી અભિમાનમાં મને ચીડવે છે?' સુશીલા બોલી – 'ના જી! હું તો તમને પોતાની માતા અને સાસુ જેવાં માનીને નમસ્કાર કરું છું.' બ્રાહ્મણી બોલી – 'ઠીક, ત્યારે તો તું મને ચતુરાઈથી તારા બાપની અને સસરાની બૈરી બનાવવા માગે છે! તારા એ નપાવટ બાપ અને સસરાની દાઢી બાળું, જે મને પોતાની બૈરી બનાવવા માગે છે!' તે આ રીતે ગાળો ભાંડવા લાગી અને પછી નીચે ઊતરીને ઘરની બહાર નીકળીને રસ્તા ઉપર તેણે ધાંધલ મચાવી મૂકી. જ્યારે રસ્તે જતાં અને આડોશપાડોશનાં ઘણાં લોકો એકઠાં થઈ ગયાં ત્યારે તે તેમને કહેવા લાગી – 'આ છોકરી સુશીલાનો ઘમંડ તો જુઓ, મને તે પોતાના બાપની અને સસરાની બૈરી બનાવે છે!'

જે લોકો સુશીલાનાં હિતેચ્છુ હતાં તેઓ તે બ્રાહ્મણીની જાતજાતની ગાળો સાંભળીને સુશીલા પાસે જઈને કહેવા લાગ્યાં કે, 'તું પોતાના પતિને કહીને પોલીસમાં આની વિરુદ્ધ ફરિયાદ માંડ. અદાલત આને સજા કરશે.

કોઈ પણ વ્યક્તિ કોઈને અનુચિત ગાળો દઈ શકે નહિ.' આ સાંભળીને સુશીલાએ હાથ જોડીને ઘણા વિનય સાથે પ્રેમપૂર્વક તે બધાંને સમજાવ્યાં – 'પોલીસમાં ફરિયાદ કરવી એ ભલાં માણસોનું કામ નથી. તમે જોજો, ભગવાનની ઇચ્છા હશે તો થોડા જ સમયમાં હું તેમને પ્રેમથી પોતાનાં બનાવી લઈશ.' તેનો આ નિખાલસ, દ્રોહરહિત હિતેચ્છુભાવ-ભર્યો અને વેરભાવરહિત વ્યવહાર જોઈને તે બધાં ખુશ થઈને ચાલ્યાં ગયાં.

એક દિવસની વાત છે - પેલી કંકાસણી બ્રાહ્મણીનો ત્રણ વર્ષનો બાળક ઘરની બહાર રસ્તા ઉપર રમી રહ્યો હતો. તે સમયે બે સાંઢ લડતા લડતા તે બાળકની નજીક આવી પહોંચ્યા. સુશીલાએ આ જોયું. તરત જ તે દોડી જઈને તે બાળકને ઊંચકીને લઈ આવી અને પેલી પાડોશણ પાસે જઈને તેણે કહ્યું – 'બાળકને રસ્તા પર એકલો નહિ છોડવો જોઈએ. બે સાંઢ લડતા લડતા આવી રહ્યા હતા. છોકરાને ઘાયલ ન કરી બેસે માટે હું તેને ઊંચકીને લઈ આવી છું.' આ સાંભળી તે કંકાસણી બોલી – 'જા રે, જા! આને તું કેમ ઊંચકી લાવી? હું પોતે જ લઈ આવત.' સુશીલાએ કહ્યું – 'હું આને લઈ આવી તો એમાં મારું શું અહિત થયું?' આમ કહીને છોકરાને તેની પાસે બેસાડીને તે પોતાના ઘરે પાછી આવી.

સુશીલાના પિયરમાં એક ધનિક બ્રાહ્મણ હતો, તેને સુશીલા પર ઘણી શ્રદ્ધા હતી. તેણે પોતાની દીકરીની સગાઈ માટે સુશીલા પાસે એક માણસ મોકલ્યો. તે છોકરીની સગાઈની વાતચીત પેલી કંકાસણી બ્રાહ્મણીના મોટા દીકરા સાથે ચાલી રહી હતી. શહેરના એક માણસે પેલી કંકાસણીને કહ્યું – 'તમારા દીકરાની સગાઈ બાબતમાં તપાસ કરવા માટે સુશીલાના પિયરનો બ્રાહ્મણ તેની પાસે આવ્યો છે.' આ સાંભળીને કંકાસણી ચમકી ગઈ અને બોલી – 'તે તો મારી સાથે ઝઘડેલી છે અને હંમેશાં મારી સાથે દુશ્મની રાખે છે.' આમ કહીને તે સુશીલાના ઘરે ગઈ, બારણા પાછળ સંતાઈને ઊભી રહી અને સુશીલા તથા તે બ્રાહ્મણની પરસ્પરની વાતચીત છાનીમાની સાંભળવા લાગી.

બ્રાહ્મણે સુશીલાને કહ્યું – 'તમારા ભાઈના મિત્રે તમારા પર વિશ્વાસ મૂકીને મને અહીં મોકલ્યો છે. તમારા પાડોશની વિધવા બ્રાહ્મણીનો એક છોકરો છે, તેની સાથે તેમની દીકરીની સગાઈ કરવા બાબતમાં તમારો શો અભિપ્રાય છે?' સુશીલા બધો હાલ જાણતી હતી. તેણે વિચાર્યું - બંનેય ધનિક છે, બંને પક્ષની સ્ત્રીઓ કંકાસણી અને કલહપ્રિય છે. આવું વિચારીને તેણે બ્રાહ્મણને કહ્યું – 'તેમના માટે આ સગાઈ બધી રીતે સારી છે.' બ્રાહ્મણે કહ્યું – 'છોકરાની માને તો લોકો કંકાસણી જણાવે છે.' સુશીલા બોલી – 'આજકાલના સમયમાં સ્ત્રીઓમાં બુદ્ધિ ઓછી હોવાના કારણે બધાં ઘરોમાં રાગ-દ્વેષ અને કંકાસ રહે છે, તેથી એકબીજાની નિંદા કરવાનો સ્વભાવ પડી ગયો છે. મારી સમજ મુજબ તો તેમના માટે આ સગાઈ કરી લેવી ઘણી સારી વાત છે.' આ અભિપ્રાય લઈને બ્રાહ્મણે ત્યાંથી વિદાય લીધી.

કંકાસણી બ્રાહ્મણી શરૂથી અંત સુધીની બધી વાત સાંભળી રહી હતી. તેના મન ઉપર સુશીલાના આ વર્તનનો ઘણો સારો પ્રભાવ[૨૧] પડ્યો. તે ઘરમાં પ્રવેશીને સુશીલા પાસે ગઈ અને વિનયપૂર્વક કહેવા લાગી – 'સુશીલા! તું ધન્ય છે. મેં તો તારી સાથે ઘણું જ ખરાબ વર્તન કર્યું છે અને તેમ છતાં તું તો મારું હિત જ કરતી રહી છે. બહેન! હું તારું આવું વર્તન જોઈને મુગ્ધ થઈ ગઈ છું. તું આવી વિદ્યા ક્યાંથી શીખી છે? શું મારો સ્વભાવ પણ તારા જેવો થઈ શકે? હું તારી સોબત રાખવા ઇચ્છું છું. શું હું અવારનવાર તારે ત્યાં આવી શકું?' સુશીલાએ જવાબ આપ્યો – 'અરે, કેમ નહિ? આ તો તમારું જ ઘર છે. તમે અહીં આવો એ તો મારા માટે મોટા સદ્ભાગ્યની વાત છે. મારા ઉપર તમારી ઘણી દયા અને પ્રેમ છે.' બ્રાહ્મણી ઘણી ખુશ થઈ; અને અવારનવાર સુશીલાના ઘરે જવા લાગી. સુશીલાની સોબતથી તેના પર સારી અસર થવા લાગી અને ઘણા થોડા સમયમાં તે પણ સુશીલાના જેવા સુંદર સ્વભાવની બની ગઈ.

કંકાસણી પાડોશણમાં આવું અદ્ભુત પરિવર્તન જોઈને સુશીલાનાં તે હિતેચ્છુઓ પર પણ ઘણી સારી અસર પડી. પહેલાં જેઓ પોલીસમાં બ્રાહ્મણી

વિરુદ્ધ ફરિયાદ કરવા સુશીલાને આગ્રહ કરતાં હતાં તેઓ હવે સુશીલા પાસે આવીને કહેવા લાગ્યાં – 'સુશીલા! ભારે આશ્ચર્યની વાત છે, તેં તો તેને તારા જેવી જ બનાવી દીધી!' સુશીલા બોલી – 'આ બધી ઈશ્વરની કૃપા છે.' તે હિતેચ્છુઓએ પછી કહ્યું – 'ધન્ય છે તને! અમે આ કંકાસણી સ્ત્રીની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરવાનું તને જે કહેતા હતા તે અમારી ભૂલ હતી.'

થોડાક દિવસો પછી તે બ્રાહ્મણીના દીકરાનાં લગ્ન નક્કી થયાં ત્યારે તે સુશીલાના ઘરના બધા પુરુષોને આગ્રહ કરીને લગ્નમાં લઈ ગઈ. ઘરના બધા જ પુરુષો જાનમાં ગયા. એ દરમિયાન તે મહોલ્લામાં એક વાણિયાને ત્યાં ચોરી થઈ. તેથી તે વાણિયાને સાથે લઈને કોટવાલ પંડિતજીના ઘરમાં આવી ઘૂસ્યો અને બોલ્યો કે 'અમે તમારા ઘરની જડતી લેવા આવ્યા છીએ.' આ સાંભળીને ઘરની બધી સ્ત્રીઓ ગભરાઈ ગઈ, ત્યારે ગૌતમીએ સુશીલાને કહ્યું – 'વહુ! પોલીસવાળા આવ્યા છે. તેમનું આવવું સારું ન ગણાય. માટે એ લોકોને થોડા રૂપિયા-પૈસા આપીને અહીંથી વિદાય કર.' સુશીલાએ કહ્યું – 'તમે ચિંતા ન કરો. હું પોતે બધું જ ઠીક કરી લઈશ.' એ પછી સુશીલા પેલા વાણિયાને કહેવા લાગી – 'કેમ ભાઈ! અમારા ઘરમાં પુરુષોની ગેરહાજરીમાં જડતી કરાવીને શું તમે અમારી બેઈજ્જતી કરવા ઈચ્છો છો? શું તમને પોતાનો ચોરાયેલો માલ અમારા ઘરમાં હોવાની શંકા છે?' વાણિયાએ કહ્યું – 'ના બહેનજી! હું તો એવું ઈચ્છતો નથી. મને તો આ પોલીસવાળા જ અહીં લઈ આવ્યા છે.' પછી સુશીલાએ નિર્ભય રીતે કોટવાલને પૂછ્યું – 'કેમ કોટવાલજી! શું તમે અમારા ઘરની જડતી લેવા આવ્યા છો?' કોટવાલ બોલ્યો – 'કાલે રાત્રે આ વાણિયાને ત્યાં ચોરી થઈ છે, તેથી અમે જડતી લેવા અહીં આવ્યા છીએ.' સુશીલાએ નિર્ભયતાથી[૧] કહ્યું – 'ઘણું સારું! તમે મને એવું લખી આપો કે 'હું પોતાની મરજીથી તમારા ઘરની જડતી લઈ રહ્યો છું' અને એ પણ બતાવો કે જડતી લેવા છતાં કંઈ મળી નહિ આવે તો અમારે પોતાની આ બેઈજ્જતીનો દાવો

કોના પર માંડવો? એ માટે જવાબદાર કોણ હશે?' આ સાંભળીને કોટવાલ ગભરાયો અને બોલ્યો – 'આ વાણિયો જ મને અહીં લઈ આવ્યો છે અને અહીં આવ્યા પછી એ વાત કબૂલતો નથી.' આ રીતે ફેરવી તોળીને તે બધા ત્યાંથી ચાલ્યા ગયા. ઘરના પુરુષો લગ્નમાંથી જ્યારે પાછા આવી ગયા ત્યારે આ ઘટના સાંભળીને ઘણા ખુશ થયા અને સુશીલાનું અત્યધિક આદર-સમ્માન કરવા લાગ્યા.

(૪)

આ રીતે ઘરના પુરુષો દ્વારા સુશીલાનું અત્યંત આદર-સમ્માન થવા લાગ્યું. સુશીલા પ્રત્યેના વધતા જતા આ આદર-સમ્માને ઘરની અન્ય સ્ત્રીઓના મનમાં ઈર્ષ્યાની આગ સળગાવી. તે બધી સ્ત્રીઓ સુશીલાથી મનમાં ને મનમાં બળવા લાગી અને તેને નીચું જોવડાવવા માટે તેનામાં છિદ્રાન્વેષણ કરવા લાગી; પરંતુ સુશીલામાં તો કોઈ દોષ હતો જ નહિ. તે તો બધાંની સેવા કરતી હતી અને બધાંના ગુણોનાં વખાણ કરતી રહેતી હતી, કોઈના અવગુણો સામે તો તે કદી જોતી જ ન હતી. તેથી તે સ્ત્રીઓને કોઈ માર્ગ સૂઝતો ન હતો. ઘરની સ્ત્રીઓની આવી મનોવૃત્તિ જોઈને નોકર અને રસોઈયાએ આ પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું વિચાર્યું.

એક દિવસ ઘરની બધી સ્ત્રીઓએ રસોઈયા અને નોકરની સાથે મળી જઈને સુશીલાને પછાડવા માટે ષડ્યંત્ર ગોઠવ્યું. એક યોજના બનાવવામાં આવી અને તે મુજબ જેઠાણી રામદેવીએ એવી જૂઠી વાત ફેલાવી કે, 'મારું સોનાનું કડું ચોરાઈ ગયું છે અને એ માટે મને સુશીલા પર શંકા જાય છે.' ઘરના પુરુષોને આ વાતમાં વિશ્વાસ બેઠો નહિ. થોડા દિવસો વીત્યા પછી બહેન રોહિણીએ એવો જૂઠો પ્રચાર કર્યો કે, 'મારો ચણિયો અને એક સાડી કાલથી ગાયબ થયાં છે.' હવે પુરુષોને થોડું આશ્ચર્ય થયું કે રોજ-રોજ ઘરમાં આ ચોરી કેમ થવા લાગી! શોધખોળ કરવામાં આવી, પણ કશો પત્તો લાગ્યો નહિ. ફરી પાછું બે-ચાર દિવસો બાદ ભગવાનદેવીએ કહ્યું કે, 'મારો સોનાનો હાર કાલ રાતથી જડતો નથી.' ઘરનાં માણસોએ

ઘણી તપાસ કરી, પરંતુ કશું પણ જાણવા મળ્યું નહિ. મળે પણ કેવી રીતે? જેની જે ચીજ હતી તે જ તેણે સંતાડી રાખતી હતી. ઘરની બધી સ્ત્રીઓએ પોતપોતાની ખોવાયેલી ચીજો માટે સુશીલા ઉપર જ શંકા વ્યક્ત કરી.

ત્યાં તે મહોલ્લામાં ભક્તિદેવી નામની એક વૃદ્ધ સ્ત્રી રહેતી હતી. તેનું પિયર સુશીલાના પિતાની પાડોશમાં જ હતું અને સુશીલાની માતા સાથે તેને ઘણો પ્રેમ હતો.

નોકર પાસેથી એવું જાણવા મળ્યું કે ભક્તિદેવી કાલે પોતાના પિયરમાં જવાની છે. આ જાણીને નોકર, રસોઈયો અને ઘરની સ્ત્રીઓ - એ બધાંએ મળી જઈને એક કાવતરું ઘડ્યું. જે ચાર ચીજો ખોવાયાની વાત ફેલાવવામાં આવી હતી તે ચારેય ચીજોને રોહિણીએ એક થેલીમાં ભરીને તેને સીવી દીધી અને પેલી વૃદ્ધ ભક્તિદેવીને ત્યાં રસોઈયા મારફતે મોકલાવી તથા તે સાથે એક ચિઠ્ઠી લખી આપી. તે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, 'માતાજીને સુશીલાના નમસ્કાર. આ ભક્તિદેવી મારફતે આ થેલી મોકલાવી છે. આ વાતની કોઈને જાણ થવી જોઈએ નહિ.' રસોઈયાએ ભક્તિદેવી પાસે જઈને કહ્યું – 'લો, સુશીલાએ આ થેલી પોતાની માને પહોંચાડવા મોકલી છે અને કહ્યું છે કે મારી માને જ આપવાની છે, બીજા કોઈનેય નહિ.' આમ કહીને રસોઈયો પાછો ઘરે આવી ગયો.

તે રાત્રે રોહિણીએ સુશીલાને બાકાત રાખીને ઘરની બધી સ્ત્રીઓ અને પુરુષોને એકઠાં કરીને એવી વાત કરી કે, 'કેટલાક દિવસોથી આપણા ઘરની જે ચીજો ચોરાઈ રહી છે તે ચીજો માટે અમારી સુશીલા ઉપર જ શંકા છે. આપણા મહોલ્લામાં રહેતી વૃદ્ધ ભક્તિદેવી સુશીલાની મા સાથે ઘણો પ્રેમ રાખે છે, કાલે તે પોતાના પિયરમાં જવાની છે. તેની સાથે સુશીલાએ પોતાની માને પહોંચાડવા કદાચ કશુંક મોકલ્યું છે. કાલે સવારે જ ભક્તિદેવી જવા નીકળશે અને તેનો જવાનો રસ્તો આપણા ઘર આગળ જ છે. તો તેને રોકીને પૂછવું જોઈએ અને બધી ચીજો જોવી જોઈએ કે સુશીલાએ કઈ કઈ ચીજો મોકલાવી છે.'

બીજે દિવસે વહેલી સવારથી જ સુશીલાનો પતિ મોહનલાલ પોતાના ઘરના દરવાજા આગળ બેસી ગયો અને ભક્તિદેવીની વાટ જોતો રહ્યો. જ્યારે ભક્તિદેવી થેલી લઈને ત્યાંથી પસાર થઈ ત્યારે મોહનલાલે તેને રોકી અને પૂછ્યું – 'ડોશીમા! શું લઈને જાઓ છો?' ભક્તિદેવીએ કહ્યું – 'સુશીલાએ પોતાની માને એક ચિઠ્ઠી અને એક થેલી મોકલાવી છે.' મોહનલાલ બોલ્યો – 'એ મોકલવાનાં નથી, પાછાં આપી દો.' આમ કહીને તેણે તે વૃદ્ધા પાસેથી તે થેલી અને ચિઠ્ઠી લઈ લીધી અને કહ્યું – 'હવે તમે જાઓ.'

એ પછી મોહનલાલે જ્યાં ઘરના બધા પુરુષો હતા ત્યાં તે થેલી અને ચિઠ્ઠી લઈ જઈને મૂકી અને વૃદ્ધ સ્ત્રીએ જે વાત કહી હતી તે બધી વાત પણ કહી. થેલી ખોલીને જોયું તો જે ચાર ચીજો ચોરાઈ હતી તે જ તેમાંથી મળી આવી. પછી ચિઠ્ઠી ખોલીને વાંચવામાં આવી, ત્યારે તો બધાં ગુસ્સાથી કાળઝાળ થઈ ગયાં. મોહનલાલ ક્રોધે ભરાઈને ઘરમાં ગયો અને સુશીલાને ઘણી ખરાબ ભાષામાં ધમકાવવા લાગ્યો – 'બદમાશ! નીકળી જા અમારા ઘરની બહાર. તેં જ ઘરની બધી વસ્તુઓ ચોરી છે. તેં જે થેલી અને ચિઠ્ઠી ભક્તિદેવી મારફત પોતાની માને મોકલવાની ગોઠવણ કરી હતી તે બધી પકડાઈ ગઈ છે. અમે કોઈ પણ સંજોગે તારા જેવી ચોરટીને ઘરમાં રાખવા નથી માગતા. જ્યાં તારી ઈચ્છા થાય ત્યાં ચાલી જા.' સર્વથા ખોટો અને અપ્રત્યાશિત આરોપ સાંભળીને સુશીલા કંપી ઊઠી, તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેણે ખૂબ જ કરુણ સ્વરમાં કહ્યું – 'સ્વામી! તમે વિશ્વાસ કરો, મેં આ કામ નથી કર્યું. ભગવાન સાક્ષી છે. તમે શાંત થઈને બધી વાત વિચારો. જરા તે વૃદ્ધાને પૂછી તો જુઓ કે તેને થેલી અને ચિઠ્ઠી કોણ આપી ગયું હતું. નથી તો મેં કોઈ ચિઠ્ઠી લખી કે નથી તો મેં કોઈ થેલી પણ ભક્તિદેવીને આપી. તમે તે ચિઠ્ઠીના અક્ષરો તો જુઓ કે તે કોના છે. તમારે આની પૂરેપૂરી તપાસ કરવી જોઈએ.' પણ મોહનલાલ તો તે સમયે ક્રોધાંધ બનેલો હતો. 'મારી પત્ની આવું કુકર્મ કરે?' - એવા વિચારથી જ તેના મનમાં ખળભળાટ મચી ગયો હતો. ક્રોધથી વિવેકનો નાશ થઈ જ જાય

છે. સાચા-ખોટાની તપાસ કોણ કરે? સાબિતી સામે જ છે. તેણે ધૂંધવાઈને કહ્યું – 'તને બચાવ કરતાં શરમ નથી આવતી? તેં તો મારા ઉપર અમિટ કલંક લગાડ્યું, મારા મોઢા પર કાલિમા લીંપી દીધી, જે કદીય ધોઈ શકાશે નહિ. હું તારું મોઢું જોવા માગતો નથી. જા, અત્યારે જ નીકળી જા અહીંથી.' સુશીલાએ રોતાં-કકળતાં ઘણુંય કહ્યું પણ તેણે કશું જ સાંભળ્યું નહિ અને તેને ઘરની બહાર કાઢી મૂકી. ઈન્દ્રસેન અત્યારે ચાર વર્ષનો હતો અને ઈન્દ્રસેની છ વર્ષની હતી. તેમને દાદીએ પોતાની પાસે રાખી લીધાં. કાવતરાખોર રસોઈયો, નોકર અને ઘરની સ્ત્રીઓ - એ બધાંને પોતાની સફળતાનો આનંદ હતો. તેઓ હસી રહ્યાં હતાં અને કૂદી-કૂદીને કહી રહ્યાં હતાં – 'અમે તો પહેલાંથી જ જાણતાં હતાં કે આ આટલી મોટી મોટી વાતોનો ડોળ કરનારી ચોક્કસ જ નીચ છે; પણ એણે તો બધાં પર જાદૂ જ કર્યો હતો, આજે બધું જ પોલ ખૂલી ગયું.'

આવો અનુચિત વ્યવહાર જોઈને પણ સુશીલાના હૃદયમાં કોઈ ક્રોધ થયો નહિ[૧૨] અને કોઈ પ્રતિહિંસાનો ભાવ પણ ઉત્પન્ન થયો નહિ.[૧૦] તે કોઈને પણ દોષિત નહિ ગણતાં પોતાના પ્રારબ્ધને દોષ આપવા લાગી. તેણે વિચાર્યું – 'જો નિરપરાધ મારા ઉપર કલંક લગાડીને મારા પતિદેવ જ મને ત્યજી રહ્યા છે તો આવી સ્થિતિમાં મારા જીવવાનું શું પ્રયોજન છે?' પરંતુ શાસ્ત્રોએ બતાવ્યું છે કે સ્ત્રી માટે પતિ જ તીર્થ છે, પતિ જ વ્રત છે અને પતિ જ સર્વ કાંઈ છે - આમ સમજીને તેણે વિચાર્યું – મારે તેમના વિધાનમાં જ સંતુષ્ટ રહેવું જોઈએ અને હર સમયે ધીરજ રાખવી જોઈએ. વિપત્તિ તો બધા મનુષ્યો પર આવતી હોય છે. સમજુ મનુષ્યે પોતાના ધૈર્ય અને ધર્મનો કદી પણ કોઈ પણ સ્થિતિમાં ત્યાગ કરવો જોઈએ નહિ. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે –

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

(શ્રીમદ્‌ભગવદ્‌ગીતા - ૨/૫૬)

'દુ:ખોની પ્રાપ્તિમાં જેના મનમાં ઉદ્વેગ થતો નથી, સુખોની પ્રાપ્તિમાં જે સર્વથા નિ:સ્પૃહ રહે છે તથા જેના રાગ, ભય અને ક્રોધ નષ્ટ થયેલા છે તેવો મુનિ સ્થિતિપ્રજ્ઞ કહેવાય છે.'

શ્રીતુલસીદાસજીએ કહ્યું છે –

धीरज धर्म मित्र अरु नारी। आपद काल परिखअहिं चारी॥

આમ, દુ:ખના સમયે આવેશમાં આવી જઈને જીવનનો અંત આણવો એમાં કોઈ ડહાપણ નથી. તેમ કરવાથી આ લોકમાં અને પરલોકમાં પણ સુખ મળતું નથી; બલકે ઘરમાંથી કાઢી મુકાયાનું મને અત્યારે જે દુ:ખ છે તેનાથી પણ અધિક દુ:ખ આત્મહત્યા કરતી વખતે થશે. જે મનુષ્ય મરવા માટે નદીમાં પ્રવેશે છે તેને તે સમયે એટલું તો અધિક દુ:ખ પડે છે કે તે ફરીથી જીવવા માટે બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. એ જ રીતે મરવા માટે ઝેર ખાનાર મનુષ્ય પણ ફરીથી જીવવા માટે ઝેર ઉતારવાનો પ્રયત્ન કરે છે; અને શરીર પર કેરોસીન છાંટીને બળી મરનાર વ્યક્તિ ચીસો પાડીને હીબકાં ભરી-ભરીને મરે છે. આત્મહત્યા કરનારને આ લોકમાં જ દુ:ખ થાય છે એટલું જ નહિ, મર્યા પછી પણ તે અંધકારપૂર્ણ નરકોમાં જઈને અહીંના કરતાં પણ વધુ ભયંકર કષ્ટ અને દુર્ગતિ પામે છે.

असुर्या नाम ते लोका अन्धेन तमसाऽऽवृताः।
ता ँ स्ते प्रेत्याभिगच्छन्ति ये के चात्महनो जनाः॥

(ઈશાવાસ્યોપનિષદ્ - ૩)

'અજ્ઞાન અને દુ:ખ-કલેશના મહા-અંધકારથી છવાયેલ જે અસુરોની વિભિન્ન પ્રસિદ્ધ આસુરી યોનિઓ અને નરકલોક છે, આત્મહત્યા કરનાર કોઈ પણ મનુષ્યો મરીને તે જ લોકોમાં વારંવાર જાય છે.'

એટલું જ નહિ, આત્મહત્યા કરનારી સ્ત્રીનાં પિયર અને સાસરું - એ બંને કુળોને હંમેશ માટે ઘોર કલંક લાગી જાય છે. આ મારા માટે ઘણી જ શરમની[૧૯] વાત છે. ઉત્તમ સ્ત્રીઓ માટે તો આત્મહત્યાનો વિચાર થવો એ પણ કલંક છે. તેથી હું પોતાના જીવનનો અંત આણીશ નહિ.

ઈશ્વરને ત્યાં ન્યાય છે અને હું સાચી છું. હું જીવતી રહીશ તો એક દિવસ એવો આવશે કે મારા પરનું આ બધું કલંક આપોઆપ દૂર થઈ જશે. જૂઠી વાત ક્યાં સુધી ટકશે? મારી તો વાત જ શી છે, ભગવાન શ્રીકૃષ્ણ ઉપર પણ મણિની ચોરીના જૂઠા આળનું કલંક લાગ્યું હતું, પણ તે કાયમ રહ્યું ન હતું.

આવું વિચારીને સુશીલાએ પોતાના હૃદયમાં ધૈર્ય[૨૩] ધારણ કર્યું અને તે પોતે આવી મળેલા કષ્ટને સહન કરી લઈને સ્વધર્મ-પાલનરૂપી તપસ્યામાં[૮] સંલગ્ન થઈ ગઈ અને પોતાના શરીરનિર્વાહ માટે ન્યાયયુક્ત ઉપાય વિચારવા લાગી.

(૫)

સાંજ પડતાં તે એક ધર્મશાળામાં રોકાઈ ગઈ. તે નિત્ય નિરંતર નિયમ-પૂર્વક પરમાત્માનું ધ્યાન[૩] કરતી હતી, તેના પ્રભાવથી તેનું અંતઃકરણ[૨] પવિત્ર થતું ગયું. તે મન અને ઇન્દ્રિયોનો સંયમ[૫] કરીને નિત્ય ગીતા-રામાયણ વગેરેનો સ્વાધ્યાય[૭] અને ભગવાનનાં પવિત્ર નામોનો જપ કરતી હતી તથા કોઈ પણ દ્રોહ-દ્વેષ રાખ્યા વિના તે પોતાના પતિદેવના વિચારો શુદ્ધ થાય તે માટે મનોમન કરુણાર્દ્ર પ્રાર્થના કરતી રહેતી હતી.

તેના ગજવામાં ઘરની રોકડના હિસાબના સો રૂપિયા પડ્યા હતા, તેના આધારે તેણે પોતાના ભાવિ જીવનનો કાર્યક્રમ વિચાર્યો. બીજા દિવસે તે ચાર રૂપિયાનો સોયો, વીસ રૂપિયાનું રંગીન સૂતર, વીસ રૂપિયાનાં પોતાના માટે આટો-દાળ અને મસાલો, છ રૂપિયાના પડિયો-પતરાળું તથા પચાસ રૂપિયાનાં જરૂર પૂરતાં બાલદી અને તાંસળું ખરીદી લાવી. તેણે તાંસળામાં આટો મસળ્યો અને તેને પતરાળામાં મૂક્યો. પછી તાંસળું ઊંધું પાડીને તેના પર રોટલો શેકી લીધો. રોટલો પતરાળામાં મૂકીને, તાંસળું ધોઈને તેમાં દાળ બનાવી. આ રીતે પોતાનું ભોજન તૈયાર કરી લીધું. ભોજન જમી લીધા પછી દિવસભરમાં તેણે સૂતરનાં ગંજી અને મોજાં બનાવી લીધાં, જે બજારમાં વેચીને ત્રીસ રૂપિયા મેળવ્યા. તે આ રીતે દરરોજ પાંચ-દસ

રૂપિયા કમાવા લાગી, જેમાંથી પાંચ રૂપિયાની પોતાના બે ટંકના ભોજનની સામગ્રી લઈ આવતી અને પાંચ રૂપિયા જમા રાખી લેતી. પંદર દિવસે પંચોતેર રૂપિયા જમા થતાં તેણે વીસ રૂપિયાના માસિક ભાડાનું એક ઘર લીધું, પાંચ રૂપિયાનાં રસોઈનાં વાસણ ખરીદ્યાં અને પાંચ રૂપિયાનું વધારાનું સૂતર લાવી.

ત્યારબાદ સુશીલાએ શહેરમાં જાણ કરી દીધી કે, સાડી, ચણિયો, ઓઢણી, ચાદર, દુપટ્ટો વગેરે ઉપર કોઈએ ભરતકામ કરાવવું હોય, દોહા-ચોપાઈ-શ્લોક વગેરે લખાવવાં હોય તો તેને મારા ઘરે મોકલવો. લોકો એવા જરૂરતમંદોને સુશીલાના ઘરે મોકલવા લાગ્યા. દોહા-ચોપાઈ-શ્લોક વગેરેનું સુશીલાનું ઘણું જ સુંદર અને આકર્ષક લખાણ અને તેનું કપડાં પરનું વેલ-ફૂલનું ભરતકામ જોઈને લોકો તેના શિક્ષણ અને તેની કલા-કારીગરી પર મુગ્ધ થઈ ગયા. સુશીલાને આ કામમાંથી મહિને હજાર-પંદરસો રૂપિયાની આવક થવા લાગી. એક વર્ષ પછી તેણે એક મોટું મકાન ભાડે લઈને તેમાં કન્યા-પાઠશાળા ખોલી, જેમાં ઘણીબધી છોકરીઓને ફી લીધા વિના જ તે વ્યાકરણ, ગીતા, રામાયણ વગેરે ગુજરાતી-સંસ્કૃતના ગ્રંથો ભણાવવા લાગી. છોકરીઓને તે વિદ્યાભ્યાસની સાથે સાથે કલાકારીગરીનાં કામ પણ શીખવતી હતી. છોકરીઓ તેને ત્યાં જે ચીજો તૈયાર કરતી હતી તે ચીજોને તે બજારમાં વેચતી હતી અને એમાંથી તેને માસિક બે હજાર રૂપિયાની બચત થવા લાગી. આ રીતે વર્ષમાં તેનો બધો ખર્ચ કાઢતાં તેની પાસે પચ્ચીસ હજાર રૂપિયાની બચત જમા થઈ.

ત્યારબાદ તેણે થોડી જમીન ખરીદીને એક કાચું ઘર બનાવી લીધું અને એક ગાય ખરીદી લીધી તથા એક નોકર પણ રાખી લીધો, જે ગાયનું અને ઘરનું બધું કામકાજ કરતો હતો. આમ કરતાં કરતાં બીજે વર્ષે તેની પાસે પચાસ હજાર રૂપિયાની બચત થઈ.

ત્રીજા વર્ષે તે પોતાનાં ફેન્સી યાર્ન, સૂતર અને કપડાં ખરીદીને તેમના પર ગીતા-રામાયણના શ્લોકો, દોહા, ચોપાઈ લખીને તથા સુંદર સુંદર

વેલ-ફૂલનું ભરતકામ કરીને તેમનું સત્યતા[૧૧] અને ન્યાયપૂર્ણ વેચાણ પણ કરવા લાગી. સાથે સાથે જે લોકો પોતાનાં કપડાં ઉપર ભરતકામ કરાવવા તથા દોહા-ચોપાઈ લખાવવા આવતા તેમનું કામ પણ તે કરી આપતી હતી. તેના સાચા, ન્યાયી, વિનયી અને પ્રેમાળ વ્યવહારની જનતા ઉપર ઘણી સારી અસર પડવા લાગી. આ રીતે વેપાર કરતાં કરતાં તેની પાસે બે લાખ રૂપિયાની મૂડી થઈ અને તેના બધા જ ખર્ચા બાદ કરતાં દર મહિને લગભગ દસ હજાર રૂપિયા ચોખ્ખા બચવા લાગ્યા. આ રીતે રૂપિયા વધી જતાં શહેરમાં તેની ઘણી જ પ્રતિષ્ઠા જામી ગઈ. પછી તો તે એક ધનિક વ્યક્તિની જેમ ઘણી જ ઇજ્જત સાથે રહેવા લાગી. તેણે પોતાની જમીનમાં એક પાકું મકાન પણ બનાવી લીધું, કેટલાક માણસોને નોકરી પર રાખ્યા અને એમ તેનો વેપાર ધમધોકાર ચાલવા માંડ્યો. તેનું ચારિત્ર્ય અને ગુણો તો સર્વથા શુદ્ધ, સાત્ત્વિક અને આદરણીય હતા જ, હવે તેના કાર્ય અને વ્યવહારથી પણ ખ્યાતિ ફેલાઈ ગઈ. તેના હૃદયમાં દીન, દુઃખી, અનાથ, ગરીબ અને અપંગ લોકો પ્રત્યે ઘણી જ દયા[૧૬] હતી અને તેથી તે તેમને જરૂરિયાત મુજબ અન્ન-વસ્ત્ર વગેરેનું નિષ્કામભાવે દાન[૪] કરવા લાગી. તે નિત્ય રસોઈ બનાવીને ભગવાનને ભોગ ધરાવ્યા પછી મંત્રોચ્ચાર વિના જ બલિવૈશ્વદેવ કરતી[૬] અને પછી પહેલાં અતિથિઓને ભોજન કરાવીને ત્યારબાદ જ પોતે ભોજન કરતી.

(૬)

આ બાજુ, સાધ્વી સુશીલાને ઘરમાંથી કાઢી મૂકવાના કારણે તેનાં સાસુ-સસરા, જેઠ-જેઠાણીઓ વગેરે બધાં જ લોકોની શહેરમાં ટીકા થવા લાગી તથા ઘરમાં પરસ્પરના અણબનાવોને લીધે અને વિવેકની ઊણપના કારણે ઘરની સંપત્તિ ધીરે ધીરે નષ્ટ થવા લાગી.

એક દિવસની વાત છે – બહેન રોહિણી પાસે તે જ મહોલ્લાની એક સ્ત્રી આવી અને તેણે કહ્યું કે, 'આજે મારે પાંચસો રૂપિયાની ખૂબ જ જરૂર છે. જો તમે રૂપિયા આપશો તો હું તમને તેના પર મહિને પાંચ

ટકા વ્યાજ આપીશ.' તેને સારા ઘરની સ્ત્રી સમજીને રોહિણીએ પાંચસો રૂપિયા આપ્યા. તે સ્ત્રી રૂપિયા લઈને પોતાના ઘરે ગઈ. થોડી વાર પછી તે પાછી આવી અને રોહિણીને પચાસ રૂપિયા આપતાં તેણે કહ્યું – 'તમે મને પાંચસો રૂપિયાને બદલે પાંચસો પચાસ રૂપિયા ગણી આપ્યા છે, તેથી હું પાછી આવી છું. આ તમારા પચાસ રૂપિયા લઈ લો.' આની રોહિણી પર સારી અસર પડી. તેણે રૂપિયો લઈ લીધો અને વિચાર્યું કે આ મોટા ખાનદાનની સ્ત્રી છે. પંદર દિવસ જ વીત્યા હતા અને તે સ્ત્રીએ પેલા પાંચસો રૂપિયા અને તે પરના પૂરા એક મહિનાના વ્યાજના પચ્ચીસ રૂપિયા, કુલ પાંચસો પચ્ચીસ રૂપિયા રોહિણીને ચૂકવી દીધા. ત્યારે રોહિણીએ કહ્યું – 'તમે આ રૂપિયા થોડા વધુ સમય માટે રાખી શકો છો.' તે સ્ત્રી બોલી – 'મારે જરૂર પડશે ત્યારે લઈ જઈશ, અત્યારે જરૂર નથી.' આમ કહીને તે ચાલી ગઈ.

થોડાક દિવસો પછી તે ફરીથી આવી અને બોલી – 'આજે મારે બે હજાર રૂપિયાની જરૂર છે, શું તમે વ્યાજે આપી શકો?' રોહિણીએ તરત જ રૂપિયા કાઢીને આપી દીધા. દશ જ દિવસ પછી તે સ્ત્રીએ બે હજાર રૂપિયા અને તે પરના એક મહિનાના વ્યાજના સો રૂપિયા એમ કુલ બે હજાર એકસો રૂપિયા પાછા આપી દીધા, જેનાથી રોહિણીના મનમાં અત્યંત વિશ્વાસ બેસી ગયો.

કેટલાક દિવસો પછી તે ફરીથી એક દિવસે આવી અને રડવા લાગી. રોહિણીના પૂછવાથી તેણે કહ્યું – 'અમારા કુટુંબમાં લગ્ન છે. શું કરું? મારાં બધાં ઘરેણાં અમારા ઘરનાંએ ગીરવી મૂક્યાં છે અને ઘરેણાં વિના લગ્નમાં જવાથી બેઈજ્જતી થાય છે. તેથી તમે ત્રણ દિવસ લગ્નપ્રસંગે પહેરવા માટે કૃપા કરીને મને તમારાં ઘરેણાં આપો તો અમારી ઈજ્જત બચી જાય.' રોહિણીને તેનામાં વિશ્વાસ હતો જ, તેણે પોતાનાં બધાં ઘરેણાં કાઢીને આપી દીધાં. તે સ્ત્રી ઘરેણાં લઈને પોતાના ઘરે ચાલી ગઈ. પરંતુ પાંચ દિવસ વીતી જવા છતાં પણ તે પાછી આવી નહિ તેથી રોહિણી તેના ઘરે ગઈ

અને તેને પૂછ્યું – 'બહેન! શું તમારું લગ્નનું કામ પતી ગયું ને?' તે સ્ત્રીએ કહ્યું – 'અમારે ત્યાં તો કોઈનું લગ્ન હતું જ નહિ.' રોહિણી બોલી – 'તમારા કુટુંબમાં લગ્ન હતું, તે માટે તમે મારી પાસે ઘરેણાં લેવા આવ્યાં હતાં ને!' તેણે જવાબ આપ્યો – 'અમારે ત્યાં નહોતું કોઈ લગ્ન અને નહોતી કોઈ ઘરેણાંની જરૂર પણ. અમારે તો અમારી પાસે જ ઢગલો ઘરેણાં છે. હું તારી પાસે ઘરેણાં લેવા શા માટે આવી હોઉં!' રોહિણી બોલી – 'તમે મારી પાસે ઘણીવાર આવ્યાં છો. આપણી વચ્ચે રૂપિયા-પૈસાની પણ ઘણીવાર લેવડદેવડ થઈ છે, છતાં તમે આજે આ રીતે મારી આગળ જૂઠી વાતો કરી રહ્યાં છો!' તે બોલી – 'વાહ રે વાહ! જૂઠી વાતો હું કરી રહી છું કે તું? અમે પોતે જ તો રૂપિયા વ્યાજે ધીરીએ છીએ, અમારે તો રૂપિયા-પૈસાની કોઈ ખોટ નથી. હું શા માટે આવી હોઉં તારી પાસે રૂપિયા લેવા? અમારે ત્યાં તો રૂપિયા-પૈસાનું કામ પડે છે તો પુરુષો જ એનો વ્યવહાર કરતા હોય છે. અમારા ઘરના પુરુષો જો આ વાતો સાંભળી લેશે તો તારી બેઇજ્જતી કરશે.'

તેની વાતો સાંભળીને રોહિણીને ભારે આશ્ચર્ય થયું. તે પોતાના ઘરે પાછી આવી અને દુઃખી હૈયે પોતાના પિતા અને ભાઈઓ આગળ રડવા જ લાગી. તેની વાત સાંભળ્યા પછી તેના પિતા અને ભાઈઓએ પૂછ્યું – 'તે સ્ત્રીને તેં જે ઘરેણાં આપ્યાં છે તેનું લખાણ-ચિઠ્ઠી કાંઈ કર્યું છે? એ વખતે કોઈ હાજર હતું ખરું?' રોહિણી બોલી – 'મેં તો તેનામાં વિશ્વાસ રાખીને ઘરેણાં આપ્યાં છે, કશું લખાણ-ચિઠ્ઠી કર્યું નથી અને તે સમયે ત્યાં બીજું કોઈ હતું પણ નહિ.' પિતા અને ભાઈઓએ કહ્યું – 'જો આ બાબતનું કોઈ લખાણ-ચિઠ્ઠી કર્યું નથી અને કોઈ સાક્ષી નથી તો તો આનો કોઈ ઉપાય નથી. આવું કામ અમને પૂછ્યા વગર કરવું જોઈતું નહોતું.' તે બધાંયે હાથ ઘસતાં રહી ગયાં.

એક દિવસની વાત છે – પંડિત દેવદત્તજી પાસે એક ધુતારો સાધુવેશમાં આવ્યો. પંડિતજીએ તેની ઘણી સેવા-શુશ્રૂષા કરી. સાધુએ પંડિતજીને પૂછ્યું –

'તમારું બધું બરાબર હેમખેમ ચાલે છે ને?' પંડિતજી બોલ્યા – 'જ્યારથી નાની વહુ ઘરમાંથી ચાલી ગઈ છે ત્યારથી ઘરમાં કજિયા-કંકાસ થયા જ કરે છે. સમાજમાં અમારી આબરૂ ઓછી થવાથી અમારી કમાણી પણ લગભગ નષ્ટ થઈ ગઈ છે અને સટ્ટા-ફાટકમાં નુકસાન જવાના કારણે છોકરાઓનો વેપારધંધો પણ બંધ થઈ ગયો છે. મોહનલાલના ધંધાનું કોઈ ઠેકાણું પડતું નથી.' સાધુએ કહ્યું – 'હું તમને એક રાસાયણવિદ્યા શીખવી દઉં છું, જેનાથી તમે દરરોજ બે ગ્રામ સોનું બનાવતા રહેજો. એનાથી વધુ લોભ કરતા નહિ.' સાધુવેશધારીએ આગળ કહ્યું – 'જુઓ, તમે બજારમાંથી દસ રૂપિયાનાં શંખજીરુ, ગંધક, પારો, એક સગડી અને થોડા કોલસા લઈ આવો.' તેઓ તરત જ બધું લઈ આવ્યા. તે ધુતારાએ પોતાની ઝોળીમાંથી ચોળાઈનાં પાન કાઢીને તેના રસનો શંખજીરુ, ગંધક અને પારો - એ ત્રણેયને પટ આપીને તે બધું પંડિતજીના હાથે સગડીમાં મુકાવ્યું અને સગડીમાં કોલસા ભરીને ચકમકથી આગ પેટાવી, જેથી કોલસા બળવા લાગ્યા. જેમ જેમ કોલસા બળતા ગયા તેમ તેમ પંડિતજી તેમાં બીજા કોલસા નાખતા ગયા. જે કોલસા નાખવામાં આવતા હતા તેમાંના એક કોલસામાં, તે ધુતારાએ પંડિતજીની નજર ચુકાવીને કાણું પાડીને બે ગ્રામ સોનું પહેલાંથી જ ભરી દીધેલું હતું. કોલસા નાખતાં નાખતાં પેલો સોનાવાળો કોલસો સગડીમાં નંખાઈ ગયો ત્યારે તેણે બીજા કોલસા નાખવાનું બંધ કરાવ્યું. શંખજીરુ, ગંધક અને પારો તો ઊડી ગયાં અને કોલસા પણ બળી ગયા, માત્ર જે બે ગ્રામ સોનું હતું તે સગડીમાં રહ્યું.

સોનું જોઈને પંડિતજીની ખુશીનો પાર રહ્યો નહિ. સાધુવેશધારી ધુતારો ચાલ્યો ગયો. તેના ગયા પછી પંડિતજીએ શંખજીરુ, પારો, ગંધક વગેરેનો ઘણો જથ્થો ખરીદી લીધો અને દરરોજ પેલા સાધુરૂપધારી અ-સાધુના કહ્યા મુજબ કરવા લાગ્યા, પણ બનતું કશું નહોતું. એક દિવસ પેલા સાધુને ઘર આગળથી પસાર થતો જોઈને પંડિતજી તેના પગોમાં પડી ગયા અને તેને ઘરમાં લાવીને ઘણી સેવા કરી. સાધુવેશધારીએ પૂછ્યું – 'બધું બરાબર

હેમખેમ ચાલે છે ને?' પંડિતજીએ કહ્યું – 'ના! તમે તો મારાથી કશું છાનું રાખ્યું નથી, પરંતુ મારાં નસીબ ફૂટેલાં છે કે દરરોજ શંખજીરુ, પારો અને ગંધક ફૂંકી મારું છું, પણ બનતું કશું નથી.' સાધુવેશધારી બોલ્યો – 'સારું! આજે અમારી સામે તમે તમારી જાતે જ બધી વિધિ કરો; કોઈ ગરબડ થશે તો અમે તમને બતાવીશું.' જ્યારે પંડિતજી બધી સામગ્રી લાવવા અંદર ગયા ત્યારે બાબાજીએ એક કોલસામાં કાણું પાડીને તેમાં બે ગ્રામ સોનું મૂકી દીધું. સામગ્રી તો બધીય પંડિતજી પાસે હતી જ, જલદી લઈને આવી ગયા. તેમણે ગંધક, પારો અને શંખજીરુ એ ત્રણેયને ચોળાઈના રસનો પટ આપીને સગડીમાં મૂક્યાં અને થોડા કોલસા નાખ્યા. જેમ જેમ કોલસા બળતા જતા હતા તેમ તેમ પંડિતજી ચીપિયાથી બીજા કોલસા ઉઠાવી-ઉઠાવીને નાખતા જતા હતા. પેલો ધુતારો દૂર અળગો બેસીને જોઈ રહ્યો હતો. તેણે જ્યારે જોયું કે સોનું ભરેલો કોલસો પણ સગડીમાં સમાઈ ગયો છે ત્યારે તેણે કહ્યું – 'પૂરો એક કલાક થઈ ગયો છે, હવે સોનું બની ગયું હોવું જોઈએ. તમે ઊઠીને જુઓ, હવે વધુ કોલસા નાખો નહિ.' થોડી વારમાં બધા કોલસા બળી ગયા. શંખજીરુ, પારો, ગંધક બધું ઊડી ગયું, માત્ર બે ગ્રામ સોનું સગડીમાં રહ્યું. પંડિતજી સોનું જોઈને ઘણા ખુશ થયા. તેમણે કહ્યું – 'મહારાજ! આજે તો મને તદ્દન આવડી ગયું.' તે પછી તે ધુતારો ત્યાંથી ચાલ્યો ગયો.

પંડિતજી દરરોજ શંખજીરુ, પારો અને ગંધક ફૂંકી બાળતા રહ્યા, પણ બનતું કશું નહોતું. ફરી પાછો પાંચ-સાત દિવસ પછી પેલો સાધુ બારણા આગળની સડક ઉપર આવતો દેખાયો. પંડિતજી દોટ મૂકીને તેના પગોમાં પડી ગયા. તેણે પૂછ્યું – 'હવે તો ગૃહસ્થીનું કામ બરાબર ચાલે છે ને?' પંડિતજીએ કહ્યું – 'જરાયે નહિ! તમે તો બધી વિધિ બતાવી દીધી, મારા હાથે જ વિધિ કરાવીને શીખવ્યું, પણ થતું કશું નથી. કોણ જાણે શી વાત છે? તમારી સમક્ષ તો તમારા પ્રભાવથી થઈ જાય છે, તમે નથી હોતા તો નથી થતું.' તે બોલ્યો – 'અમે દરરોજ તો આવી શકીએ નહિ. લો,

અમે તમારા માટે એકસાથે જ એટલું સોનું બનાવી આપીએ છીએ કે જે તમને જીવનપર્યંત કામ આવે. તમારા ઘરમાં જેટલું સોનું છે તે બધું લઈ આવો. બધું સોનું એક હાંડલીમાં મૂકીને તેને આગ ઉપર ચઢાવી દો તથા તે હાંડલી પાણીથી ભરી દો અને તમારા પાસે જેટલાં પણ ગંધક, પારો અને શંખજીરુ છે તે બધું તેમાં નાખી દો અને તેના પર માટીનું ઢાંકણ કરી દો. પછી તે હાંડલી ઉપર બીજી એક હાંડલી પાણીથી ભરીને મૂકો. આઠ પહોર સુધી તેની નીચે આગ લગાડતા રહો. ત્યારબાદ ખોલીને જોશો તો બમણું સોનું મળી આવશે.'

પંડિતજીએ મનમાં ખુશખુશાલ થઈને પોતાની પત્નીનાં તમામ ઘરેણાં હાંડલીમાં ભર્યાં અને જેવી વિધિ તેણે બતાવી હતી તેવી જ બધી ક્રિયા કરી; પરંતુ ઉપરની હાંડલીમાં પાણી ઓછું પડ્યું તેથી તેઓ પાણી લેવા અંદર ગયા. પાછળથી બાબાજીએ ઝટપટ હાંડલીમાંથી બધાં ઘરેણાં કાઢી લઈને પોતાની ઝોળીમાં મૂકી દીધાં અને તે હાંડલીમાં તેટલા જ વજનના કાંકરા-પથરા ભરી દીધા તથા હાંડલીને પહેલાંની જેમ જ માટીનું ઢાંકણ કરી દીધું. એટલામાં જ પંડિતજી પાણી લઈને આવ્યા અને ઉપર રાખેલી હાંડલીમાં પાણી ભરી દીધું. હાંડલી સહેજ વાંકી થયેલી હતી, તેથી પંડિતજીએ તેને ઉપાડીને સીધી કરી દીધી. ઉપાડતી વખતે તેમને હાંડલી પહેલાંના જેવી જ ભારે જણાઈ.

બાબાજી બે-ત્રણ કલાક તો બેસી રહ્યા, પણ પછી કહેવા લાગ્યા કે, 'હું કાલે આ સમયે આવીને હાંડલીનું ઢાંકણ ખોલીશ, ત્યારે બમણું સોનું મળી જશે.' આમ કહીને તેઓ ચાલી નીકળ્યા. બીજા દિવસે સમય થતાં પંડિતજી બાબાજીની પ્રતીક્ષા કરતા રહ્યા, પરંતુ બાબાજી દિવસ વીત્યો છતાં આવ્યા નહિ. આવે પણ ક્યાંથી? તેઓ તો પોતાનું કામ સાધીને પલાયન થઈ ગયા હતા. હવે ત્રીજા દિવસે પંડિતજીએ પોતે જ ઢાંકણું ખોલ્યું, તો તેમાં બધા કાંકરા-પથરા જ નીકળ્યા. પંડિતજીને ભારે દુઃખ થયું. તેમણે બધો હાલ પોતાનાં ઘરનાં માણસોને કહ્યો. બધાં આ સાંભળીને દુઃખી થયાં.

સાધુની ખૂબ જ શોધખોળ કરી, પરંતુ તેમનો કશો પણ પત્તો લાગ્યો નહિ. તે સાધુ થોડો જ હતો? તે તો સમાજમાં સાચા સાધુ-સંન્યાસીઓ ઉપર પણ શંકા ઉત્પન્ન કરાવી દેનારો ધૂર્તશિરોમણિ ચોર હતો.

એક દિવસની વાત છે - તેમના મહોલ્લામાં લાલ કપડાંવાળી એક ઠગારી સ્ત્રી આવી અને ત્યાં તેણે એક મકાન ભાડે રાખીને પોતાનો અડ્ડો જમાવ્યો. તેણે પોતાને તંત્ર-મંત્રમાં સિદ્ધ યોગિની તરીકે ઓળખાવી. તેની પાસે કોઈ સ્ત્રી રોગ મટાડવા માટે, કોઈ પુત્રપ્રાપ્તિ માટે, કોઈ પોતાનાં દીકરા-દીકરીઓનાં સગપણ-લગ્ન માટે - એમ અનેક કામનાઓ લઈને સ્ત્રીઓ આવવા લાગી. તે યોગિની કોઈને દોરો-ધાગો બાંધી દેતી, યંત્ર-મંત્ર-તંત્ર આપતી, તો કોઈની પાસે ટાળો કરાવતી હતી. આવી વિધિ કે ઉપચાર કરાવીને તે પેલી સ્ત્રીઓને તેમની કાર્યસિદ્ધિ માટે કોઈ સ્ત્રીને વર્ષની, કોઈને છ મહિનાની, તો કોઈને બે મહિનાની મુદત આપતી. આ પ્રકારની ઠગાઈથી તે ભલીભોળી સ્ત્રીઓ પાસેથી ઘરેણાં, કપડાં અને પૈસા લૂંટવા લાગી.

એક દિવસ રામદત્તની પત્ની ભગવાનદેવી પણ તે યોગિનીની પ્રશંસા સાંભળીને તેની પાસે પહોંચી ગઈ અને કહેવા લાગી – 'માતાજી! મારે કોઈ દીકરો નથી, તેથી કોઈ એવો ઉપાય બતાવો કે જેથી મને એક વરસમાં દીકરો જન્મે.' યોગિનીએ કહ્યું – 'એક મહિનામાં જ તને ગર્ભ રહેશે. આવતા શનિવારની રાત્રે હું તારી પાસે એક ટાળો કરાવીશ. તું તે રાત્રે દશ વાગ્યે અહીં આવજે. ટાળો કરવા માટેની બધી સામગ્રી તો અમારી પાસેથી મળી રહેશે, તારે તો ફક્ત કપડાં-ઘરેણાં પહેરીને સોળે શણગાર સજીને શનિવારની રાત્રે મારી પાસે ચાલ્યા આવવાનું છે.' ભગવાનદેવીએ એવું જ કર્યું. શનિવારની રાત્રે તે બની-ઠનીને તેની પાસે ગઈ. યોગિનીએ તેનાં બધાં કપડાં-ઘરેણાં ઉતરાવીને એક ઓરડીમાં મુકાવી દીધાં અને ઓરડીને બંધ કરી તાળું મારીને ચાવી ભગવાનદેવીને સોંપી દીધી. જ્યારે રાત્રિના બરાબર બાર વાગ્યા ત્યારે તે યોગિની સિંદૂર, તેલ, માટીની કુલડી

અને કોડિયું લઈને ભગવાનદેવીની સાથે ચકલામાં ગઈ. ચકલામાં જઈને તેણે કોડિયા ઉપર કુલડી ગોઠવીને તેમાં તેલ અને સિંદૂર નાખ્યાં તથા ભગવાનદેવીને એક મંત્ર બતાવીને કહ્યું – 'તું અહીં એક કલાક સુધી આ મંત્રનો જપ કરતી રહે. રાતનો સમય છે, ઘર સૂનું છે, હું ઘર સાચવવા જાઉં છું. એક કલાક પછી આ કુલડી લઈને મારી પાસે આવી જજે.'

યોગિની મકાન પર પહોંચી અને ઓરડીના તાળામાં બીજી ચાવી નાખીને ઓરડી ખોલીને તેમાં જે કપડાં-ઘરેણાં મૂક્યાં હતાં તે બધાં લઈને ત્યાંથી ચાલી નીકળી. એક કલાક પછી તેના ઘરે જ્યારે ભગવાનદેવી આવી ત્યારે તેણે જોયું કે ત્યાં યોગિની ન હતી અને ઓરડી ખુલ્લી છે, ઓરડીમાં કપડાં-ઘરેણાં કશું જ નથી. આ જોઈને તે રડવા લાગી. તે દુ:ખી હૈયે ખસિયાણી પડીને પોતાના ઘરે પાછી આવી અને ઘરનાં બધાંને પોતાની બધી દુ:ખદ કથની કહી. ઘરનાં માણસોએ તેને ધિક્કારભર્યો ઠપકો આપ્યો. ત્યારબાદ તેમણે યોગિનીની ઘણી શોધ કરી, પણ કશો પત્તો લાગ્યો નહિ. મકાનમાલિકને તેનું સરનામું પૂછ્યું ત્યારે મકાનમાલિકે કહ્યું – 'અમને તો તેણે એક મહિનાનું ભાડું આગોતરું આપી દીધું હતું અને અમારા મકાનમાં તો આવાં મુસાફરો રોજેરોજ આવતાં ને જતાં હોય છે. અમને શી ખબર કે તે યોગિની કોણ હતી ને ક્યાં ગઈ?'

આ બધા બનાવો જોઈ-સાંભળીને સોમદત્તની પત્ની રામદેવીએ વિચાર્યું – 'નણંદ રોહિણીનાં, સાસુજીનાં, જેઠાણીનાં બધાં જ ઘરેણાં ગયાં, ફક્ત મારાં જ ઘરેણાં બાકી બચ્યાં છે. નાની વહુના ગયા પછી ધંધો-કમાણી બંધ થઈ ગયાં છે. હવે ઘરવાળાં મારાં ઘરેણાં વેચીને જ ગુજારો કરશે, બીજો કોઈ ઉપાય દેખાતો નથી.' આવું વિચારીને તે પોતાનાં બધાં ઘરેણાં પોતાના નાના ભાઈ પાસે પિયરમાં મૂકી આવી. તેનું પિયર આ જ શહેરમાં બીજા મહોલ્લામાં હતું. તેનો ભાઈ ઘણો બદમાશ અને બેઈમાન હતો. તેની દાનત પહેલાંથી જ ખોટી હતી. તેણે રામદેવીનાં બધાં ઘરેણાં વેચી માર્યાં અને તે રૂપિયા પોતાના વેપારધંધામાં નાખ્યા. થોડા દિવસો

પછી તેણે એવો જૂઠો હોબાળો ફેલાવ્યો કે રાત્રે ચોરો આવ્યા અને તાળું તોડીને બધો દરદાગીનો લૂંટી ગયા. સવાર થતાં જ તે રડવા લાગ્યો. લોકો ટોળે વળ્યાં. પોલીસ પણ આવી પહોંચી. આખા શહેરમાં વાત ફેલાઈ ગઈ અને ત્યારે રામદેવીને પણ ખબર પડી કે પોતાના ભાઈના ઘરમાં ચોરી થઈ છે. તે તાબડતોબ દોડતી આવી અને તેણે પોતાના ભાઈને પૂછ્યું – 'ભાઈ! મારાં ઘરેણાં તો બચી ગયાં છે ને?' ભાઈએ ધૂંધવાઈને કહ્યું – 'તારાં ઘરેણાંના કારણે તો અમારા ઘરમાં આ ઘટના ઘટી. બાકી, અમારી પાસે તો શું ભર્યું પડ્યું હતું કે ઘરમાં ચોર પડે? અમારું જે થોડુંઘણું હતું તેને પણ એ લોકો તારાં ઘરેણાંની જ સાથે જ ચોરી ગયા.' ફરી રામદેવી બોલી – 'ભાઈ! મારાં ઘરેણાં તો મને મળવાં જ જોઈએ.' ભાઈ ગુસ્સે થઈને કહેવા લાગ્યો – 'નીકળ અહીંથી! ફરી કદી મોઢું બતાવતી નહિ. તારા કારણે જ હું બરબાદ થઈ ગયો.' તે બિચારી હતાશ થઈને પાછી આવી અને બધી હકીકત પોતાનાં સાસરિયાંને કહી. એ લોકોએ તેને ધમકાવી-ધુત્કારી, પણ હવે શું થઈ શકે એમ હતું!

ત્યારબાદ બધાંએ મળીને એવું નક્કી કર્યું કે દરેકે પોતાનો ખર્ચ પોતાની કમાણીમાંથી કરવો. પરિણામે સોમદત્ત અને રામદત્ત પોતપોતાની પત્ની સાથે અલગ રહેવા લાગ્યા અને બાકીનાં બધાં સાથે રહેવા લાગ્યાં.

(૭)

એક દિવસ ઘરનાં બધાં એકઠાં મળીને બેઠાં હતાં, ત્યારે પંડિત દેવદત્તજીએ નિખાલસભાવે કહ્યું – 'આપણે નાના-સરખા અપરાધના કારણે નાની વહુને ઘરમાંથી કાઢી મૂકી એ આપણે ઘણો ભારે અપરાધ કર્યો છે અને એ કારણે જ આપણી આ દુર્દશા થઈ છે. તે ઘણી ભાગ્યશાળી, બુદ્ધિશાળી અને ઊંચા વિચારોની સ્ત્રી હતી. તે જો આપણા ઘરમાં રહેતી હોત તો આપણા ઉપર આ બધી આફતો ક્યારેય ન આવત.' અંતે બધાંએ એવું વિચાર્યું કે આપણે તેની પાસે જવું જોઈએ. પણ શરમસંકોચના કારણે કોઈની પણ ત્યાં જવાની હિંમત થતી ન હતી. કોઈ ને કોઈ રીતે ઘરની

આ અંદરની વાત સુશીલાને જાણવા મળી. સુશીલાએ વિચાર્યું – 'મારા ઘરનાં મારી પાસે આવવા માગે છે, પણ એમ થાય એ મને શોભતું નથી, તેથી મારે જ તેમની પાસે જવું જોઈએ.' આવું વિચારીને બીજા દિવસે તે પોતે જ સાસરીમાં જઈ પહોંચી અને શ્રદ્ધા, પ્રેમ, વિનય તથા નિખાલસતાપૂર્વક ઋજુભાવે[૯] બધાંને પગે પડીને નમસ્કાર કર્યા. તેને જોઈને બધાં ખુશ થયાં, પણ તે સાથે પોતાની કરણી જોઈને લજવાયાં અને દુઃખી થયાં. સુશીલાએ કહ્યું – 'મેં જાણ્યું કે તમે બધાં મારી પાસે આવવાનું વિચારી રહ્યાં છો, એ જાણીને હું જ તમારી પાસે આવી છું; કારણ કે હું બધાંથી નાની છું તેથી હું જ તમારી પાસે આવું એ વાજબી ગણાય. ક્યારેક ક્યારેક મારા મનમાં તમારી સેવામાં હાજર થવાના વિચારો આવતા હતા પણ તમે મને કાઢી મૂકી હોવાના કારણે મારી અહીં આવવાની હિંમત થતી ન હતી. તો તમે મારો તે અપરાધ માફ કરો.'

પંડિતજીએ કહ્યું – 'બેટી! તારો અપરાધ તો સાવ મામૂલી હતો, પણ અમે લોકોએ ઘણો મોટો અપરાધ કરી મૂક્યો.' બિચારા પંડિતજીને ક્યાંથી ખબર હોય કે વહુનો કોઈ અપરાધ હતો જ નહિ અને જે બન્યું હતું એ તો એક કાવતરું હતું. ઘરની ભૂંડી દશા થવાથી તથા બધાં પર આફતો આવી પડવાથી કાવતરું કરનારી સ્ત્રીઓનું પાપ કંપી ઊઠ્યું, તેમના મનમાં ઈર્ષ્યાને બદલે પશ્ચાત્તાપની આગ સળગી ઊઠી. તે બધી દુઃખીદુઃખી થઈ ગઈ અને તેમના મનમાં નક્કી થઈ ગયું કે 'અમારી દુર્દશાનું સાચું કારણ અમે નિર્દોષ સુશીલા ઉપર અત્યાચાર ગુજાર્યો એ જ છે.' તેમના દુઃખી હૃદયનાં બળતાં આંસુ તેમની આંખોમાંથી વહેવા લાગ્યાં. છેવટે, રામદત્તની અને સોમદત્તની પત્નીઓએ હાથ જોડીને કંપતા સ્વરે પોતાની સાસુને કહ્યું – 'નાની વહુનો કશો જ અપરાધ ન હતો, અમે લોકોએ ઈર્ષ્યાને લીધે તેના માથે ખોટું આળ ઓઢાડ્યું હતું અને એનું જ અમને આ ફળ મળ્યું છે.' હવે રોહિણી દુઃખી હૈયે કહેવા લાગી – 'નાની ભાભીનો તો કોઈ કહેતાં કોઈ જ અપરાધ નથી અને મોટી ભાભીઓનો પણ કોઈ ઝાઝો અપરાધ

નથી, બધું કાવતરું રચનારી, ઘોર અપરાધ કરનારી દુષ્ટ તો હું જ છું. મેં જ ભાભીઓનાં કડું અને હાર તથા મારાં સાડી અને ચણિયો એક થેલીમાં ભરી તેને સીવી લઈને રસોઈયા મારફત પેલી ડોશી પાસે મોકલાવ્યાં હતાં, પેલી ચિઠ્ઠી પણ મેં જ લખી હતી અને પિતાજી આગળ જૂઠી ફરિયાદ પણ મેં જ કરી હતી. આ બધા પાપનું મૂળ હું છું. આજે હું પશ્ચાત્તાપની આગમાં બળી રહી છું. પૃથ્વી ફાટી પડે તો હું એમાં સમાઈ જાઉં; આ નિર્દોષ અને પવિત્ર હૃદયની ભાભીની માફી પણ હું કયા મોઢે માગું?'

આ બધી સાચી હકીકત સાંભળીને સુશીલાનું હૈયું પીગળી ગયું અને તેણે હાથ જોડીને વિનયપૂર્વક બધાંને કહ્યું – 'જે થયું તે થયું, હવે તમે એ વાતોને મનથી ભૂલી જાઓ. હું તો તમારા કૃત્યને કોઈ અપરાધ જ માનતી નથી, તો પછી ક્ષમા[૨૨] કરવાની વાત જ શી છે?' આ બધું સાંભળીને સુશીલાનો પતિ મોહનલાલ ડૂસકાં ભરીભરીને રડવા લાગ્યો અને પોતાના કર્યા ઉપર વારંવાર પશ્ચાત્તાપ કરતો કહેવા લાગ્યો – 'હું છેતરાયો, વગર વાંકે મર્યો, હવે હું એનું પ્રાયશ્ચિત્ત પણ શું કરું?' સુશીલાએ કહ્યું – 'સ્વામી! તમે કોઈ વાત મનમાં લાવશો નહિ. તમારામાંથી કોઈનો પણ કોઈ વાંક નથી. આ તો મારાં પૂર્વે કરેલાં પાપોનું ફળ છે. હવે તમે બધાં આ વાતો જ ભૂલી જાઓ અને મને પહેલાંની જેમ જ તમારી દાસી માનો. મારી પાસે જે કંઈ પણ સંપત્તિ છે તે તમારી જ છે. તમે તે સંપત્તિ અહીં મંગાવી લો.'

આ સાંભળીને બધાં શરમથી ઝૂકી ગયાં અને કહેવા લાગ્યાં – 'તારી એ બધી સંપત્તિ અમે કેવી રીતે મંગાવી શકીએ?' સુશીલાએ કહ્યું – 'તે બધી સંપત્તિ તમારી જ છે, હું પણ તમારી જ છું. આ બધું ઈશ્વરે આપણા ભલા માટે જ કર્યું છે; કારણ કે જો ભગવાને આવું ન કર્યું હોત તો આજે આ સંપત્તિનો અને માસિક દસ હજાર રૂપિયાની સ્થાયી આવકનો મેળ કેમ પડત?' આમ કહીને, સુશીલાએ પોતાની બધી જ જંગમ મિલકત પોતાના માણસો મારફતે અહીં મંગાવી લીધી અને નિઃસ્વાર્થભાવે પોતાના સસરાના ચરણોમાં અર્પણ[૧૩] કરી દીધી. તેનાં અન્ય તમામ કામ પણ

સાસરિયાંની દેખભાળમાં એ જ રીતે ચાલતાં રહ્યાં અને તે હવે સાસરામાં જ રહેવા લાગી. સુશીલાનો આવો પવિત્ર વ્યવહાર[૨૪] જોઈને બધાં મુગ્ધ થઈ ગયાં.

રમવા ગયેલાં ઇન્દ્રસેન અને ઇન્દ્રસેની જ્યારે આવી ગયાં ત્યારે ઘણા સમય પછી પોતાની માને જોતાં તરત જ તેના પગે પડ્યાં. માએ તેમને પ્રેમથી ખોળામાં બેસાડીને તેમનું મસ્તક સૂંઘ્યું. રસોઈયો અને નોકર તો પોતાના ઘોર અપરાધને લીધે થરથર કંપી રહ્યા હતા અને જાણે કે ધરતીમાં ખૂંપી રહ્યા હતા. તેમના શરીર પરથી પરસેવો નીતરી રહ્યો હતો અને આંખોમાંથી પશ્ચાત્તાપનાં ઊનાં-ઊનાં આંસુ વહી રહ્યાં હતાં. તેમનો મૂંગો પશ્ચાત્તાપ જોઈને સુશીલાએ તેમને હૈયાધારણ આપીને શાંત કર્યા. આજે તે બંનેયનું જીવન પણ બદલાઈ ગયું.

પછી સુશીલાએ કહ્યું – 'મેં સાંભળ્યું છે કે મારાં બંને જેઠ-જેઠાણીઓ જુદાં થઈને રહે છે. તેમનું જુદાં રહેવાનું મારાથી સહેવાતું નથી. તેમણે અહીં આવીને પહેલાંની જેમ જ સાથે રહેવાની કૃપા કરવી જોઈએ.' તે જેઠ-જેઠાણીઓ સુશીલાનો આવો વ્યવહાર જોઈને મુગ્ધ થઈ ગયાં અને 'ના' પાડી શક્યાં નહિ. ત્યારબાદ બધાં સાથે મળીને રહેવા લાગ્યાં. સુશીલાના પ્રભાવથી બધાં સદાચારી અને ચારિત્ર્યવાન બની ગયાં. તેમના વિશે જે કંઈ બદનામી ફેલાયેલી હતી તે બધી થાળે પડી ગઈ અને તેમનો પરિવાર બીજાં બધાં લોકો માટે એક આદર્શ પરિવાર બની રહ્યો.

(૮)

સુશીલા બધાંની સાથે સમતા રાખતી હતી, સરખો વ્યવહાર કરતી હતી. જે કંઈ પોતે ખાતી-પહેરતી તે બધાંને સમાનભાવે આપીને ખાતી-પહેરતી હતી. તેનો ખાવા-પીવામાં, પહેરવા-ઓઢવામાં બીજાંઓથી કોઈ ભેદ ન હતો. જે વસ્તુ તે પોતાના પતિ અને બાળકોને ખવડાવતી-પહેરાવતી તે વસ્તુ પોતાનાં જેઠ-જેઠાણીઓ, સાસુ-સસરા અને નણંદને પણ આપતી હતી.

એક દિવસની વાત છે – તે પોતાનાં દીકરા-દીકરીને દ્રાક્ષ, અખરોટ, બદામ, કાજુ, પિસ્તા વગેરે મેવા આપતી હતી તે દરમિયાન તે બંને બાળકોની સાથે રમનારાં થોડાંક પાડોશનાં બાળકો આવી ચઢ્યાં. સુશીલાએ મેવા પોતાનાં બાળકોને નહિ આપતાં પહેલાં તે બાળકોને આપ્યાં. જેટલાં પોતાનાં બાળકોને આપ્યાં તેટલાં જ તે બાળકોને આપ્યાં, બલકે જે વસ્તુ વધુ સારી હતી તે પેલાં પાડોશનાં બાળકોને આપી અને જે થોડીક ઊતરતી કક્ષાની હતી તે પોતાનાં બાળકોને આપી. સુશીલાના આ વર્તનની તેનાં બાળકો પર પણ ઘણી સારી અસર પડી. તેનાં દીકરો-દીકરી પણ ઘણાં સંસ્કારી હતાં, તેમણે પણ પોતાના હિસ્સામાંથી અડધો ભાગ પેલાં પાડોશનાં બાળકોને આપ્યો. સાચી સુશીલા માતાનાં સંતાન આવાં કેમ ન હોય?

સુશીલા પોતાના પતિની વિશેષ સેવા કરતી હતી અને ક્યારેક ક્યારેક પોતાના પતિ સાથે કથા કે વ્યાખ્યાન સાંભળવા જતી હતી તો ત્યારે તેનાં દીકરો-દીકરી પણ તેની સાથે જતાં હતાં. બાળકોમાં ચંચળતા સ્વાભાવિક હોય છે, પણ સુશીલાનાં બાળકો શાંત સ્વભાવનાં હતાં, કારણ કે સુશીલાનો સ્વભાવ સ્વાભાવિક જ ચંચળતારહિત[૨૦] હતો. તે બાળકો ત્યાં ચૂપચાપ શાંતિપૂર્વક બેસીને ખૂબ ધ્યાન દઈને વ્યાખ્યાન સાંભળતાં. સુશીલા બાળકોને હંમેશાં નિયમિત સારું શિક્ષણ આપતી રહેતી હતી. તે કહેતી રહેતી – 'સૂર્યોદય થયા પહેલાં જાગી જવું; દરરોજ વડીલોને પ્રણામ કરવા; જૂઠ, કપટ, ખોટો બચાવ, મારા-મારી વગેરે દુરાચરણ કદી પણ નહિ કરવાં; હંમેશાં સાચું બોલવું; કોઈને અપશબ્દ કહેવો નહિ; અંદરોઅંદર ઝઘડો, મારપીટ, ગાળાગાળી કરવાં નહિ; સૂર્યનારાયણને રોજ સવારે અર્ઘ્ય આપવો; કોઈ પણ ચીજ ભગવાનને અર્પણ કર્યા વિના ખાવી નહિ; બધાંની સેવા કરવી; બજારમાં તૈયાર મળતી ચીજો ખાવી નહિ; બીડી, સિગારેટ, તમાકુ તેમ જ ભાંગ, ગાંજો વગેરે માદક વસ્તુઓનું સેવન કરવું નહિ; ક્લબ, નાટક, સિનેમા વગેરેમાં કદી જવું નહિ; કથા, કીર્તન, સત્સંગમાં જવું અને શાંતિપૂર્વક શ્રવણ કરવું; કોઈ પણ ચીજ

મળે તો તેને હાજર હોય તે મિત્રોને આપતાં વધે તે ખાવી; વડીલોની આજ્ઞાનું પાલન કરવું અને હંમેશાં કર્તવ્યપરાયણ રહેવું. ક્યાંક કોઈ બીજાના ઘરે ગયા હોઈએ તો ત્યાં કોઈ વસ્તુ માગવાની તો હોય જ નહિ, બલકે તેના આપવા છતાં લેવી નહિ જોઈએ. બસ, આપણાથી જે કંઈ થઈ શકે તે બીજાંઓની સેવા કરવી જોઈએ, કદી પણ બીજાઓની સેવાને પાત્ર બનવું જોઈએ નહિ.' – બાળકો માટે કેવી સુંદર કેળવણી!

આ રીતે સુશીલાના ઘરમાં નિત્ય-નિયમપૂર્વક ઉપદેશની વાતો અને કથાકીર્તન થયા કરતાં હતાં. તેની બાળકો તથા ઘરનાં બધાં લોકો પર સારી અસર પડવા લાગી અને તે બધાં સુશિક્ષિત-સંસ્કારી બની ગયાં.

(૯)

એક દિવસ સુશીલાના પિતા પંડિત ગોવિંદરામે સુશીલાને બોલાવવા માટે તેના સસરા પાસે એક માણસ મોકલીને કહેવડાવ્યું – 'અમારી તમને એક વિનંતી છે - સુશીલાને અમારે ત્યાં આવ્યાને ઘણો સમય થઈ ગયો છે, તેથી બાળકો સાથે તેને અમારા ઘરે મોકલો.' કહેણ આવવાથી સુશીલાએ પણ સરળતાપૂર્વક રજૂઆત કરી કે 'મને પોતાનાં માતાપિતાને મળ્યાને ઘણો સમય થઈ ગયો છે, તેથી જો તમારી આજ્ઞા હોય તો હું મારા પિયર જઈને તેમનાં દર્શન કરી આવું અને તમારી અનુમતિ હોય તો હું ત્યાં થોડા દિવસ રોકાઈ જાઉં.' સાસુ અને સસરાએ ઘણી ખુશીથી કહ્યું – 'ખુશીથી જા; પણ પાછા આવવામાં બહુ વાર કરતી નહિ, કારણ કે તારા વિના અમારા દિવસો કેમ જશે?' આ રીતે કહીને વિશ્વાસુ માણસનો સંગાથ કરી આપીને તેને પિયર મોકલી.

સુશીલા બાળકો સાથે પિયર પહોંચી, માતાપિતાના ચરણોમાં પ્રણામ કર્યા. માતાપિતાએ પૂછ્યું – 'તારા ઘરમાં બધાં ખુશીમજામાં તો છેને?' સુશીલા બોલી – 'હા, ઈશ્વરકૃપાએ બધાં કુશળ છે. પણ અહીંયાં મને મારા ભાઈ રામલાલ અને ભાભી દેખાતાં નથી, તો વાત શી છે?' પંડિત ગોવિંદરામે કહ્યું – 'તે ઘણા સમયથી મકાન ભાડે રાખીને અમારાથી

જુદો રહે છે; અને જે કંઈ કમાય છે તે પોતાના ખાવા-પીવામાં અને મિત્રોને ખુશ રાખવામાં ખર્ચી નાખે છે. અમે તો હવે ઘરડાં થયાં, કમાવાની શક્તિ રહી નથી, પહેલાંની જે મિલકત છે તે વેચીને અમારો ગુજારો કરીએ છીએ.' સુશીલાએ પૂછ્યું – 'શું ભાભીના કહેવાથી જ ભાઈ અલગ થઈ ગયા કે પછી કોઈ બીજું કારણ છે?' માતાએ કહ્યું – 'ના બેટી! તારી ભાભી તો ઘણા ભલા ઘરની દીકરી છે. હું ક્યારેક તેને કંઈક કહી બેસતી તોપણ તે નારાજ થતી ન હતી અને કદીય રિસાતી ન હતી. તે તો ઘણા સુશીલ સ્વભાવની છે, ઝઘડવાનું તો તે જાણતી જ નથી. કોઈ તેને સાચું-ખોટું સંભળાવી દે તોપણ તે હસીને વાત ટાળી દેતી હતી. અત્યારે પણ તે અમારી તરફેણમાં અવારનવાર રામલાલને સમજાવતી રહે છે. તેના સ્વભાવ તથા તેની સેવાને અને તેના વિજોગને યાદ કરી-કરીને હું રડ્યા કરું છું. રામલાલ પણ ઘણો ભલો હતો; પણ આજકાલના ઉદ્દંડ છોકરાઓની સોબતના પ્રભાવથી તે અમારાથી અલગ થઈ ગયો છે.'

સુશીલા બોલી – 'મા! હું ભાઈ-ભાભીને સમજાવીને અહીં લઈ આવું તો એમાં તમારું શું કહેવું છે?' માતાએ કહ્યું – 'એવું થાય તો, બેટી! અમારું મોટું સદ્‌ભાગ્ય!'

ભાઈ રામલાલ પ્રયાગમાં જ થોડાક દૂરના બીજા મહોલ્લામાં રહેતો હતો. સુશીલા પોતાના કુટુંબના એક માણસને લઈને પોતાનાં બાળકો સાથે ભાઈને ત્યાં ગઈ. રામલાલ તો ઘરમાં હતો નહિ, ભાભી બેઠેલી હતી. સુશીલાને આવતી જોઈને તે ઊભી થઈ અને તેણે અત્યંત આદર અને પ્રેમ-ભર્યું વર્તન કર્યું. બાળકો સહિત સુશીલાએ પણ તેના ચરણોમાં પ્રણામ કર્યા. ભાભી થોડોક સંકોચ કરવા લાગી તો સુશીલાએ કહ્યું – 'તમે મોટાં હોવાના કારણે મારે માટે તો મા સમાન છો. આમાં સંકોચ કરવાની વાત જ શી છે? વડીલોના ચરણોમાં પ્રણામ કરવા એ તો નાનેરાંઓનું કર્તવ્ય છે.' ભાભી શરમાઈને બોલી – 'બહેનબા! તમે માતાજી

પાસે આવ્યાં છો એ વાતની મને જાણ થઈ ગઈ હતી, પરંતુ દુઃખની વાત છે કે હું તમારા ભાઈની બીકે ત્યાં આવી શકી નહિ.' સુશીલાએ કહ્યું – 'એ માટે તમારે મનમાં કોઈ વિચાર લાવવો જોઈએ નહિ. મા તો તમારા સ્વભાવ અને તમારી સેવાને યાદ કરી-કરીને તમારાં ભારોભાર વખાણ કરતી તમારા વિજોગમાં રડતી રહે છે.'

એટલામાં જ ભાઈ રામલાલ આવી ગયા. રામલાલે પણ સુશીલા સાથે ઘણો આદરભર્યો વ્યવહાર કર્યો. ખબર-અંતર પૂછ્યા પછી સુશીલા બોલી – 'ભાઈ! તમને માતા-પિતાથી અલગ થયેલા જોઈને આજે મને ઘણું જ દુઃખ થઈ રહ્યું છે.' રામલાલે કહ્યું – 'બહેન! તારા આવ્યાની મને ખબર મળી ગઈ હતી. તને મળવાની મને ઘણી ઈચ્છા પણ હતી, પરંતુ મારા મનમાં એવો ભાવ થઈ આવ્યો કે જો હું ત્યાં ઘરે આવું તો ક્યાંક માતાપિતા મારું અપમાન કરશે અને તને અહીં ઘરે પણ એટલા માટે નહિ બોલાવી કે તેઓ કદાચ તને અહીં નહિ મોકલે.' સુશીલા બોલી – 'ભાઈ! આમાં તમારો કોઈ દોષ નથી. દોષ તો મારો છે કે હું કાલે જ તમારાં દર્શન કરી શકી નહિ. પરંતુ ભાઈ! હું જ્યારે સાસરીમાં ગઈ ત્યારે તો તમે બંનેય માતા-પિતાની ખૂબ સારી સેવા અને આજ્ઞાપાલન કરતાં હતાં. તમારા તે સદ્‌ગુણોને યાદ કરું છું તો મને આશ્ચર્ય થાય છે કે તમે તેમનાથી અલગ થઈને કેમ રહેવા લાગ્યા! મારા વર્તનમાં તમને ક્યાંક ખામી દેખાતી તો તમે મને શિખામણ આપતા હતા. એ વાતો મને યાદ આવે છે.'

રામલાલે કહ્યું – 'બહેન! તારી વાત સાંભળીને હું શરમ અનુભવું છું. મારા અલગ થવાનું કારણ એવું બન્યું કે મારા મિત્રો મારી પાસે આવતા-જતા હતા તે માતાજી અને પિતાજીને ખરાબ લાગતું હતું, એ જોઈને મારા મિત્રોને ઘણું દુઃખ થવા લાગ્યું અને તેમણે મને એવી સલાહ આપી કે 'તારે બધું જ માતા-પિતા પાસે છોડીને અલગ થઈ જવું જોઈએ. એમ કરવાથી તારી કોઈ ટીકા થશે નહિ. તું વિદ્વાન્ છે, લાયક છે;

તારે પોતાની કમાણીથી ગુજરાન ચલાવવું જોઈએ. માતાપિતાની સંપત્તિનો આશરો શા માટે લેવો જોઈએ?' તેમની આવી વાતોથી પ્રભાવિત થઈને હું માતાપિતાથી અલગ થઈ ગયો. બહેન! તું તો સમજુ છે, જેવું તારું નામ છે તેવી જ તું સુશીલ છે. તેથી મને તારી સલાહ આપ કે મારે હવે શું કરવું જોઈએ?'

આ સાંભળીને સુશીલાએ અત્યંત કોમળ અને મૃદુલ[૧૮] શબ્દોમાં કહ્યું – 'મોટાભાઈ! તમને હું શી સલાહ આપું? મારામાં જે કંઈ સારા ગુણ દેખાય છે તે તો તમે આપેલી કેળવણીનો જ પ્રતાપ છે. હું કંઈક કહીશ તો તે તમારી પાસેથી શીખી છું એ જ કહેવાનીને! હું જ્યારે નાની હતી ત્યારે તમે મને એવી જ શિખામણ આપતા હતા કે સેંકડો વર્ષો સુધી માતાપિતાની સેવા કરતો રહે તોપણ મનુષ્ય તેમનું ઋણ ચૂકવી શકતો નથી. માતાપિતાની સેવા જ પરમધર્મ છે, બીજા બધા ઉપધર્મો છે.* આજે તમને માતાપિતાથી અલગ જોઈને મને ઘણું આશ્ચર્ય થાય છે. વળી, તમારા મિત્રો વિશે તો માતાપિતાએ જે કંઈ કહ્યું હશે તે તમારા ભલા માટે જ કહ્યું હશે. જે મિત્રો આપણને માતાપિતાથી દૂર

---

* મનુ મહારાજે કહ્યું છે –

यं मातापितरौ क्लेशं सहेते सम्भवे नृणाम्।
न तस्य निष्कृतिः शक्या कर्तुं वर्षशतैरपि॥

(મનુસ્મૃતિ - ૨/૨૨૭)

'મનુષ્યોના જન્મ સમયે જે વેદના માતાપિતા સહન કરે છે તે ઋણનો બદલો સેંકડો વર્ષો સુધી તેમની સેવા કરતા રહેવા છતાં ચૂકવી શકાતો નથી.'

માટે જ –

त्रिष्वेतेष्वितिकृत्यं हि पुरुषस्य समाप्यते।
एष धर्मः परः साक्षादुपधर्मोऽन्य उच्यते॥

(મનુસ્મૃતિ - ૨/૩૩૭)

'માતા, પિતા અને આચાર્ય - આ ત્રણેયની સેવા કરવાથી જ મનુષ્યનાં તમામ કર્તવ્યો સમાપ્તિ પામે છે અર્થાત્ તેણે અન્ય કશું જ કરવાનું બાકી રહેતું નથી; આ જ સાક્ષાત્ પરમધર્મ છે, એ સિવાયના બધા ઉપધર્મો કહેવાય છે.'

કરી મૂકે તેમનો સંગ શા કામનો? તમારા તે મિત્રો જો સમજુ હોત તો, અત્યંત સરળતાથી મુક્તિ અપાવનાર ઉપાયરૂપી પરમ કલ્યાણકારી માતાપિતાની સેવાના કર્તવ્યથી તમને વંચિત કેમ કરત? તેથી તમારે વિચારવું જોઈતું હતું કે તે મિત્રો આમ કરીને પોતાનો સ્વાર્થ સાધવા માગતા હતા કે તમારું હિત કરવા માગતા હતા. મોટાભાઈ! માતાપિતા તો તમારા વિયોગમાં તમારા ગુણો અને તમારી સેવાને યાદ કરીને રડ્યા કરે છે. સમાજમાં તમારા ગુણો અને આચરણોની ખ્યાતિ છે અને સારા-સારા મનુષ્યોના હૃદયમાં તમારો સારો પ્રભાવ પડેલો છે. તમે માતાપિતાથી અલગ થઈને રહો છો તેનાથી તે સજ્જનો ઉપર હવે કેવી ખરાબ અસર પડશે; અને જ્યારે તેઓ તમારી ટીકા અને વગોવણી કરશે ત્યારે તમે તે કેવી રીતે સહી શકશો? માતા-પિતાની સંપત્તિથી તમને ઘૃણા અને સંકોચ કેમ થવાં જોઈએ? માતાપિતાથી આપણે કેવી રીતે છૂટાં પડી શકવાનાં છીએ? આપણા શરીરમાં પણ જે કંઈ છે તે બધું માતાપિતાનું જ છે. મારું મંતવ્ય તો એવું છે કે તેમના ચરણોમાં જઈને ક્ષમા કરવા માટે તેમને પ્રાર્થના કરવી જોઈએ. આમાં વિલંબ કરવાનું યોગ્ય નથી. કદાચ માતાપિતાની કોઈ ભૂલ થઈ હોય તોપણ વડીલોની ભૂલને કદી ભૂલ જ ન માનવી જોઈએ.'

એટલામાં ભાભી બોલી ઊઠી – 'નણંદબા! મને તો સાસુ-સસરાથી જુદા રહેવામાં નથી તો કોઈ સુખ કે નથી તો મને ચેન પડતું. હું તો અવારનવાર આમને વિનંતી પણ કરું છું; પણ ખબર નહિ, વિધાતાએ મને તેમની સેવાથી શા માટે વંચિત કરી મૂકી છે?' રામલાલે કહ્યું – 'બહેન! માતાપિતાના બોલાવ્યા વિના અને તેમની સંમતિ લીધા વિના જવામાં સંકોચ થાય છે. એમ થાય છે કે તેઓ ક્યાંક મારું અપમાન તો નહિ કરી બેસે?' સુશીલાએ કહ્યું – 'ભાઈ! તેમની તો સંમતિ જ છે. તેઓ તો તમારા વિયોગમાં આંસુ સારે છે; અને તેમની પાસે જવામાં સંકોચ શી વાતનો? હું તો સમજું છું કે તમારા ત્યાં જવાથી તો તેઓ

ઘણાં ખુશ થશે; અને માતાપિતાની પાસે જવામાં અપમાનની વાત જ વળી કેવી? તેમના વડે થતું અપમાન તો માન કરતાં પણ શ્રેષ્ઠ છે.'*

સુશીલાની ઉપર્યુક્ત હિતકારી વાતો સાંભળીને રામલાલ અને તેની પત્ની - બંને સુશીલાની સાથે માતાપિતા પાસે ઘરે આવી ગયાં અને બંને પોતાના કૃત્યનો પશ્ચાત્તાપ કરતાં તેમના ચરણે પડીને રડવા લાગ્યાં.

માતાપિતાએ કહ્યું – 'બેટા! આજે મોટા સદ્ભાગ્યની વાત બની છે, આજનો આપણો દિવસ ઘણો જ શુભ છે.' પછી તેમણે સુશીલાને કહ્યું – 'બેટી સુશીલા! તેં આજે જે મોટું કામ કર્યું છે તેને અમે જીવનપર્યંત કદી પણ ભૂલીશું નહિ.' સુશીલા બોલી – 'બા! તું શું કહી રહી છે? આનું જે કંઈ શ્રેય છે તે તો તારે, પિતાજીને અને ભાઈ તથા ભાભીને ફાળે જાય છે, હું તો માત્ર નિમિત્ત જ છું. મારામાં જે કંઈ ભલાઈ તું જુએ છે તે બધી તમારી જ કૃપાનું ફળ છે.'

સુશીલાનો આ પ્રકારનો અભિમાનરહિત[૨૬] વ્યવહાર જોઈને બધાં મુગ્ધ થઈ ગયાં. સુશીલા પાસે **બે વશીકરણ મંત્રો** હતા, જેમના વડે તે, કોઈ પણ કેમ ન હોય તેને પોતાને અનુકૂળ બનાવી લેતી હતી. તે મંત્રો આ હતા : **(૧) પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને નિષ્કામભાવે દરેક પ્રકારે તે વ્યક્તિના હિતમાં પ્રયત્ન કરવો; અને (૨) તે વ્યક્તિના અવગુણોને ભૂલી જઈને તેના ગુણોનું વર્ણન કરવું.** આ મંત્રોથી જ આજે સુશીલાએ પોતાના ભાઈનો પણ હૃદયપલટો કર્યો.

એ પછી રામલાલે પોતાના મિત્રોને પ્રેમ અને વિનયપૂર્વક વિનંતી કરી કે 'મને જ્યારે પણ ફુરસદ મળશે ત્યારે હું જ તમારા ઘરે આવીને

---

* કોઈ કવિએ કહ્યું છે –

गीर्भिर्गुरूणां परुषाक्षराभिस्तिरस्कृता यान्ति नरा महत्त्वम्।
अलब्धशाणोत्कषणा नृपाणां न जातु मौलौ मणयो वसन्ति॥

'જ્યારે મનુષ્યો વડીલોની કઠોર શબ્દો ભરેલી વાણીથી અપમાનિત થાય છે ત્યારે તેઓ મહત્ત્વ પ્રાપ્ત કરે છે, નહિતર નહિ. જેમ કે, ઉચ્ચ કોટિનાં રત્નો પણ જ્યાં સુધી સરાણ પર ઘસીને ઊજળાં કરવામાં આવતાં નથી ત્યાં સુધી રાજાઓના મુગટોમાં મઢવામાં આવતાં નથી.'

મળતો રહીશ, માતાપિતા પાસે રહીને હું તમારો યથાયોગ્ય સત્કાર કરવામાં લાચાર છું.'

સુશીલા પિતાજીના ઘરમાં કેટલાક દિવસ રહી, પરંતુ સાસરીમાં પોતાના પ્રત્યે થયેલા અત્યાચાર વિશે કોઈની પણ કદીયે જરા પણ ટીકા-નિંદા[૧૫] કરી નહિ. માતા-પિતા અને ભાઈ-ભાભી તેને ખાવા-પીવા-પહેરવા માટે અનેક ચીજો આપતાં હતાં અને તે લેવા આગ્રહ કરતાં હતાં તોપણ તે લેતી ન હતી; જો તેમના સંતોષ ખાતર ક્યારેક થોડુંક લેતી હતી તો તે અનાસક્તિભાવે જ લેતી હતી, તેની તે પદાર્થો પ્રત્યે સહેજ પણ આસક્તિ અથવા લોલુપતા[૧૭] રહેતી ન હતી. તેનો વ્યવહાર પણ ઘણો ત્યાગપૂર્ણ અને પ્રશંસનીય હતો.

ત્યારબાદ સાસરીમાંથી આગ્રહપૂર્વકનું કહેણ આવવાથી માતાને વિનય અને પ્રેમથી સમજાવીને, વિયોગનું દુઃખ વ્યક્ત કરતી સુશીલા વિશ્વાસુ માણસની સંગાથે પોતાની સાસરીમાં પહોંચી ગઈ. સુશીલાને ઘરમાં આવેલી જોઈને સાસરીનાં બધાં લોકો ઘણો આનંદ પામ્યાં.

(૧૦)

આ બાજુ, સુશીલાની દીકરી ઇન્દ્રસેનીને લગ્નને લાયક ઉંમરની થયેલી જોઈને સુશીલાનાં સાસુ-સસરાને ઘણી ચિંતા થતી હતી. તેથી એક દિવસ તેમણે નાની વહુને કહ્યું – 'ઇન્દ્રસેની લગ્નને લાયક થઈ ગઈ છે. તારા પ્રભાવને લીધે કેટલાક લોકો આપણી સાથે સંબંધ જોડવા ઇચ્છે છે. તારા અભિપ્રાયમાં કોની સાથે સંબંધ કરવો યોગ્ય છે?' સુશીલાએ પોતાની સાસુને કહ્યું – 'આમાં મારો અભિપ્રાય શો લેવાનો હોય? તમે જેની સાથે સંબંધ કરવાનું યોગ્ય સમજો તેમાં અમારે બધાંએ પ્રસન્ન રહેવું જોઈએ. મેં તો તમારા બધાંના મુખે જ સાંભળ્યું છે કે છોકરો ભલે ગરીબ હોય, પણ તેનાં બળ, વિદ્યા, બુદ્ધિ, યોગ્યતા, આચરણ, સ્વભાવ, ચારિત્ર્ય વગેરે ગુણલક્ષણો જોવાં જોઈએ. છોકરાનાં પરિવારજનો તથા ખાસ કરીને તેનાં માતા-પિતાનો સ્વભાવ અને તેમનાં આચરણ

સારાં હોવાં જોઈએ.' આ સાંભળીને બધાં ઘણાં પ્રસન્ન થયાં.

ઈન્દ્રસેનીના પ્રારબ્ધથી અને માતા સુશીલાના પ્રભાવના કારણે સુશીલાની ઈચ્છાને અનુકૂળ જ ઘર અને વરનો આપોઆપ સંજોગ બેસી ગયો. પંડિત દામોદર શાસ્ત્રીના સુપુત્ર શિવકુમારની સાથે ઈન્દ્રસેનીનું વાગ્દાન (વેવિશાળ) કરવામાં આવ્યું. પંડિત દામોદરજીને સુશીલા પર અત્યંત શ્રદ્ધા હતી, તેથી તેમણે પોતાની પત્નીને લગ્ન બાબતમાં સલાહ લેવા સુશીલાની પાસે મોકલી. ઘરે જઈ પહોંચતાં જ સુશીલાએ તેમનો યથાયોગ્ય સત્કાર કર્યો. ત્યારબાદ દામોદરજીની પત્નીએ કહ્યું – 'તમારી સાથે સંબંધ જોડાયો છે તો લગ્ન આદર્શ થવાં જોઈએ. તમારા ઘરમાં તો કુરિવાજો અને ઉડાઉખર્ચા હશે જ નહિ; અમે લોકો પણ પોતાનો સુધારો કરવા તમારી સલાહ મુજબ જ કરવા માગીએ છીએ.' આ રીતે વિશેષ અને શ્રદ્ધાપૂર્વક પૂછવાથી સુશીલાએ કહ્યું – 'દારૂખાનું, નાચગાન, સિનેમા, નાટક, ઉછામણી, અધિક રોશની વગેરે પાછળ નકામો ખર્ચ નહિ કરવો જોઈએ. લગ્નટાણે ગાળાગાળી કરવી, ફટાણાં ગાવાં, ચોપાટ-પત્તાંબાજી રમવાં, ઘણાં વાજાં વગાડવાં વગેરે પણ નહિ કરવું જોઈએ. લગ્ન તો સારા-સારા વિદ્વાનોને બોલાવીને શાસ્ત્રવિધિ અનુસાર સારી રીતે થવાં જોઈએ. લગ્નમાં વધુ ભીડ-ધમાલ નહિ થવી જોઈએ. હવે, અમારા પક્ષે શું કરવું જોઈએ તે કૃપા કરીને તમે સૂચવો.'

પંડિત દામોદરજીની પત્ની બોલી – 'અમે તમને શું સૂચવવાનાં હતાં? અમે તો તમારી જ શિખામણ મુજબ કરવા માગીએ છીએ. હા, એ બાબતમાં તમે કેવું વિચાર્યું છે તે સાંભળવા અમે ઉત્સુક છીએ. તમને જો યોગ્ય જણાય તો તમે બતાવવાની કૃપા કરો.'

આથી, સુશીલાએ કહ્યું – 'ઠઠ્ઠા-મશ્કરી, નાચગાન અને ફટાણાં ગાવાં એ તો અમારે ત્યાં પહેલાંથી જ બંધ છે. ભાંગ, તમાકુ, અફીણ, ગાંજો વગેરે માદક વસ્તુઓ, સોડા-બરફ, લેમોનેડ આપવું, હોટલમાં ભોજન, પાર્ટી આપવી, અત્તર-ગુલાબ વગેરેથી આગતાસ્વાગતા કરવી એ શાસ્ત્રવિરુદ્ધ

તો છે જ, બલકે આગતાસ્વાગતાના નામે તેમનું અપમાન કરવાનું જ ગણાય. શાસ્ત્ર પ્રમાણે હલદ્ધાત વગેરે કર્યા પછી દેવતાઓની વિધિવત્ પૂજા કરાવીને સારાસારા વિદ્વાનોની સંમતિ અનુસાર કન્યાદાન કરવાનો વિચાર છે. તમારા બધાંની સાચી આગતાસ્વાગતા તો શ્રદ્ધા અને પ્રેમભર્યા વ્યવહારથી જ થઈ શકે; એની તો અમારામાં ઊણપ છે. ભોજન તથા પાન-સોપારી, લવિંગ, એલચીની વ્યવસ્થા સામાન્ય ધોરણે કરેલી છે. દહેજનું ધન આપવા માટે તો અમારી પાસે છે પણ શું? અમે તો એક અબૂધ કન્યા તમારી સેવામાં અર્પણ કરીને અમને પોતાને પાવન કરવા ઇચ્છીએ છીએ. તમારાં જેવાં નિખાલસ અને ત્યાગી મનુષ્યો સાથે અમારો સંબંધ અમારા સદ્નસીબે થયો છે. તમારો વ્યવહાર જોઈને અમે બધાં મુગ્ધ થઈ રહ્યાં છીએ.'

એ પછી યોગ્ય સમયે બંને પક્ષે શ્રદ્ધા, વિનય અને પ્રેમના વ્યવહાર થતા રહીને ઉપર્યુક્ત પદ્ધતિ અનુસાર ઘણાં પ્રશંસનીય, સાત્ત્વિક અને આદર્શ લગ્ન સંપન્ન થયાં. પરસ્પર નમસ્કાર કર્યા પછી જાન વળાવવામાં આવી.

સોમદત્ત, રામદત્ત અને મોહનલાલ એ ત્રણે ભાઈઓ સુશીલા જે વેપાર-ધંધો ચલાવતી તેને હવે પોતે જ કરતા હતા અને બધાંનું પરસ્પરનું વર્તન ઘણું જ સારું અને પ્રેમભર્યું થતું હતું. ઘરમાં સ્ત્રીઓનો વ્યવહાર પણ સુશીલાના સંપર્કને લીધે ઘણો જ સુંદર રહેતો હતો. આ રીતે થોડો સમય વીત્યા પછી સુશીલાનો દીકરો ઇન્દ્રસેન જ્યારે મોટો થયો ત્યારે તેનું લગ્ન પણ પંડિત રઘુનાથ આચાર્યની પુત્રી ગાયત્રી સાથે કરવામાં આવ્યું. તે લગ્ન પણ પહેલાની જેમ જ ઘણું જ સાત્ત્વિક, આદર્શ અને પ્રશંસનીય થયું. તેમાં પણ નાચગાન, કુરૂઢિઓ, ઉડાઉખર્ચા બિલકુલ થયાં નહિ તથા આ લોકો તરફથી પણ ત્યાગનો વ્યવહાર રહ્યો. જોકે શ્રીરઘુનાથ આચાર્યનો વિશેષ આગ્રહ હોવાથી તેમના સંતોષ ખાતર કહેવા પૂરતું દહેજ લેવું પડ્યું.

આ રીતે દીકરી અને દીકરાનાં લગ્નો થઈ જતાં ઘરનાં બધાં માણસો નિશ્ચિંત થઈને સુખપૂર્વક પોતાના ઘરમાં રહેતાં હતાં અને પરસ્પર ઘણા ત્યાગ અને પ્રેમનો વર્તાવ કરતાં હતાં.

(૧૧)

કેટલાક દિવસો પછી, દમના રોગના કારણે શરીર નબળું પડી જતાં પંડિત દેવદત્તજીને તાવ ચડી આવ્યો. આયુર્વેદિક ઔષધોથી અનેક ઉપચાર કરવામાં આવ્યા, પરંતુ કોઈ પણ ઉપચાર કામિયાબ નીવડ્યો નહિ. સુશીલાએ રાતદિવસ વિનય અને પ્રેમપૂર્વક તેમની સેવા કરી. તેની સેવાથી દેવદત્તજી મુગ્ધ થઈ ગયા અને બોલ્યા – 'બેટી! તું સર્વથા નિર્દોષ હતી, છતાં મેં તને ઘરમાંથી કાઢી મુકાવી હતી તેનું દુઃખ મારા હૃદયમાં શૂળની માફક ભોંકાયા કરે છે.' સુશીલાએ નણંદ રોહિણી મારફતે કહાવ્યું – 'બાપુજી! તમારી તો કોઈ જ ભૂલ ન હતી. તે બધી ઘટના તો ગેરસમજને લીધે બની હતી. તેનો તમારે કોઈ પણ વિચાર મનમાં લાવવો જોઈએ નહિ. હું તમારાથી ઘણો લાંબો સમય અલગ રહી તેને હું પોતાનું દુર્ભાગ્ય માનું છું. અત્યારે એ બાબતમાં તમે પોતાને કારણરૂપ માનીને દુઃખ લગાડશો તો તેથી મારા મન પર એ વિચારોની અવળી અસર થશે.' આ સાંભળીને પંડિતજીએ કહ્યું – 'બેટી! તું કશો વિચાર કરીશ નહિ. તારી લાગણી હું હવે સમજી ગયો છું અને તેથી મારા મનમાં કોઈ દુઃખ રહ્યું નથી.'

એ પછી તો પંડિતજીની તબિયત વધુ લથડી. એ જોઈને ઘરનાં બધાંએ સ્થાન વાળીને, સાફ કરીને સ્વચ્છ બનાવ્યું. તે સ્થાન પવિત્ર જળથી ધોયું અને ત્યાં ગાયના છાણ અને ગંગાજળથી ચોકો કર્યો. તેના પર તલ અને સરસવ વિખેરીને ભગવાનનું નામ લખ્યું. પછી તે ચોકા પર પવિત્ર રેતી પાથરીને પથારી બનાવી અને ગંગાજીનો વેળુ (વેકરો, રેતી) વેર્યો. તેમાં રામનામ લખ્યું અને મંત્રોચ્ચાર સાથે ગંગાજળ છાંટીને તેનું માર્જન કર્યું. રેતીની તે શય્યા પર દર્ભ પાથર્યો અને પછી તેની

ઉપર હાથે વણેલું સ્વચ્છ સફેદ વસ્ત્ર પાથર્યું. ત્યારપછી પંડિતજીનો સંકેત મળતાં સોમદત્તે તેમને પવિત્ર જળથી સ્નાન કરાવ્યું અને નવાં સ્વચ્છ અંગરખું અને ધોતિયું પહેરાવ્યાં તથા તેમની જનોઈ બદલી નાખી. એ પછી તેમને રેતીની પથારીમાં સુવાડ્યા અને હાથે બનાવેલી એક નવી, સ્વચ્છ, સફેદ ચાદર ઓઢાડી દીધી. તેમની પાસે એક નવું તુલસીછોડનું કૂંડું મુક્યું, ગળામાં તુલસીમાળા પહેરાવી, મસ્તકે ચંદનનું તિલક કર્યું. માથા નીચે કોમળ અને હળવા વજનની ગીતાની પોથી મૂકી. પંડિતજી ભગવાનના શ્રીવિષ્ણુ-રૂપના ઉપાસક હતા, તેથી શાલગ્રામજીની એક નાની મૂર્તિ તેમના વક્ષઃસ્થળ ઉપર મૂકી. પછી પત્ર-પુષ્પ, ધૂપ-દીપ વગેરે ષોડશોપચારથી ભગવાનની પૂજા કરવામાં આવી તથા આરતી ઉતારવામાં આવી. એ પછી સોમદત્તે પંડિતજીના મુખમાં તુલસીપત્ર મૂક્યું અને ગંગાજળ પિવડાવ્યું તથા ગીતાનો આઠમા અધ્યાયનો અર્થસહિત પાઠ સંભળાવ્યો. ત્યારબાદ બધાં સાથે મળીને, શ્રદ્ધા-પ્રેમથી વિભોર થઈને એકતાલમાં અને એકસૂરમાં ભગવાનનું નામકીર્તન કરવા લાગ્યાં. પંડિતજીની સામે દીવાલમાં શ્રીવિષ્ણુની સુંદર છબી ટાંગેલી હતી, તે વિષ્ણુનાં દર્શન કરતાં કરતાં, ભગવાનનાં નામ, રૂપ, ગુણ, પ્રભાવનું સ્મરણ કરતાં કરતાં તથા ભગવાનનું નામ-કીર્તન સાંભળતાં સાંભળતાં પંડિતજી શ્રીભગવાનના પરમધામમાં સિધાવી ગયા.

* * *

આ વાર્તામાંથી ખાસ કરીને માતાઓ અને બહેનોએ એ બોધ લેવો જોઈએ કે તેઓ સુશીલાને આદર્શ માનીને તેનું અનુકરણ કરે અર્થાત્ પોતાનું ભૂંડું કરનારનું પણ પોતે ભલું કરે; બાળકો સાથે વાત્સલ્યભાવ, સમવયસ્કો સાથે મૈત્રીભાવ અને ગુરુજનો-વડીલો સાથે શ્રદ્ધા-ભક્તિયુક્ત વિનયભાવ દાખવે અને તેમની સેવા કરે; નિઃસ્વાર્થભાવે ઉત્તમ કર્મો કરીને, માન-મોટાઈથી રહિત થઈને, પોતાનું શ્રેય બીજાંઓને આપીને સત્યની રક્ષા કરતાં રહીને કર્તવ્યકર્મો કરે; ભયાનક આફત આવી પડે તોપણ

કામ, ક્રોધ, લોભ, લજ્જા, ભય વગેરેને વશ ન થાય અને ધૈર્ય, ધર્મ, ઈશ્વરભક્તિ ન છોડે તથા જાણી-જોઈને પ્રાણત્યાગ કરવાનો અર્થાત્ આત્મહત્યા કરવાનો તો ક્યારેય વિચાર પણ ન કરે; સાસુ-સસરા, માતા-પિતા, પતિ વગેરે ગુરુજનોની તન-મન-ધનથી, પોતાનું કર્તવ્ય સમજીને નિઃસ્વાર્થભાવે અને વિનય-પ્રેમપૂર્વક સેવા કરે; બાળકોને પોતાની વાણી અને પોતાનાં આચરણો દ્વારા સારું શિક્ષણ આપે; દીકરા-દીકરીઓના લગ્નમાં કુરૂઢિઓ અને ઉડાઉખર્ચાઓનો સર્વથા ત્યાગ કરે; ચોર, બદમાશ, ઠગ, લુચ્ચાલફંગા, ધુતારા વગેરેથી બચવા બુદ્ધિ-વિવેકપૂર્વક હોંશિયારી દાખવે; બીમારીયુક્ત, મરણાસન્ન અને આપત્તિગ્રસ્ત મનુષ્યોના હિત માટે તેમની નિઃસ્વાર્થભાવે સેવા કરે; વિદ્યા, બુદ્ધિ, બળ, તેજ ઉપરાંત કલાકૌશલની વૃદ્ધિ માટે તત્પરતાપૂર્વક યથાયોગ્ય પ્રયત્ન કરે; બધાંને અનુકૂળ બનાવવા માટે તેમના અવગુણોને લક્ષમાં ન લેતાં તેમના સદ્‌ગુણોની પ્રશંસા કરીને તેમના પરમ હિત માટે પ્રયત્ન કરે; તેમ જ ક્ષમા, દયા, શાંતિ, સમતા, સંતોષ, સરળતા, શ્રદ્ધા, પ્રેમ વગેરે સદ્‌ગુણો ધારણ કરે તથા સત્સંગ, સ્વાધ્યાય, કથા-કીર્તન, તીર્થ, સેવા, તપ, દાન વગેરે સદાચારોને અમૃતતુલ્ય માનીને તે સદાચારોને કર્તવ્યબુદ્ધિથી અને નિષ્કામભાવથી શ્રદ્ધા-ભક્તિપૂર્વક આત્મસાત્ કરે.

નારાયણ ! નારાયણ !! નારાયણ !!!